# આત્મધર્મ

માસિક : વર્ષ-૪ * અંક-૯ * મે, ૨૦૧૦



પૂજ્ય ગુરુદેવશ્રીએ આખા ભારતના જીવોને જાગૃત કર્યાં છે. સેંકડો વર્ષોમાં જે ચોખવટ નહોતી થઈ એટલી બધી મોક્ષમાર્ગની ચોખવટ કરી છે. નાના નાના બાળકો પણ સમજી શકે એવી ભાષામાં મોક્ષમાર્ગને ખુલ્લો કર્યો છે. અદ્‌ભુત પ્રતાપ છે. અત્યારે તો લાભ લેવાનો કાળ છે.

—પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી

# મિથ્યાત્વના ભૂક્કા ઊડી જાય એવી આ વાત છે

નારકીને એટલું દુઃખ છે કે તેના એક સમયના દુઃખને કરોડો જીભથી કરોડો વર્ષ સુધી કહે તોપણ કહી શકાય નહિ. તેમ જીવના એક એક ગુણને એક એક મિનિટે કે એક એક સમયે કહે તોપણ ત્રણકાળમાં પૂરેપૂરા કહી શકાય નહિ એટલા અનંત અનંત ગુણો જીવમાં છે, કેમ કે ત્રણ કાળના સમય કરતાં આકાશના પ્રદેશ અનંતા છે અને તેના કરતાં પણ જીવમાં અનંતા ગુણો છે. આહાહા! જીવનો આવો ચમત્કારી સ્વભાવ છે. ત્રણ કાળમાં પણ કહી શકાય નહિ એટલા અનંતા ગુણોને ધરનાર દ્રવ્યની તાકાત કેટલી? એ એક સમયના અવિભાગ પ્રતિચ્છેદ કેટલા? આહાહા! વસ્તુનો સ્વભાવ કેવો છે! આહાહા! એ અનંત ગુણમય દ્રવ્યની શ્રદ્ધા એક સમયની પર્યાય કરે છે, એક સમયની પર્યાયમાં અનંતાગુણની પર્યાય વેદનમાં આવી જાય છે. આહાહા! આવી વાત સર્વજ્ઞ સિવાય બીજે ક્યાંય હોઈ શકે નહિ.

વસ્તુ અનંત સ્વભાવવાળું એક તત્ત્વ છે. પરમાણુ કહેતાં નાનું લાગે પણ એ અનંત સ્વભાવવાળું તત્ત્વ છે, એ જડ હોવા છતાં અનંતી શક્તિવાળું ચમત્કારી તત્ત્વ છે.

ચૈતન્ય ચમત્કારી તત્ત્વનું સામર્થ્ય કેટલું!—એમ અંદરમાં દેખે–પ્રતીત કરે તો ધર્મનો મહેલ થવાનો પાયો ઊભો થાય, વિકલ્પ તૂટ્યા વિના વસ્તુ અંદરમાં બેસે નહિ. વસ્તુ છે તે સીમા રહિત છે, અમર્યાદિત વસ્તુ છે, અક્ષય ને અમેય વસ્તુ છે, એ વસ્તુને શ્રદ્ધામાં લેનારી પર્યાય પણ કદી નાશ ન થાય એવી અક્ષય ને અમેય છે. ભલે અચારિત્રના પરિણામ હોય તોપણ એની શ્રદ્ધાપર્યાયની–જ્ઞાનપર્યાયની એટલી તાકાત છે કે રાગ એમાં નથી, પરદ્રવ્ય એમાં નથી,–એમ જાણી લ્યે છે.

વસ્તુ જ આવા ચમત્કારી સ્વભાવવાળી છે. આકાશનું ક્ષેત્ર અનંત અનંત કે જેનો અંત નથી–એ શું બતાવે છે? પર્યાયની આદિ નથી કે અંત નથી એ શું બતાવે છે? કેવળજ્ઞાનની પર્યાય એક સમયમાં લોકાલોકને જાણી લ્યે છે. અરે! અનંત લોકાલોક

(જુઓ અનુસંધાન પાના નં - ૨૩)

દંસણમૂલો ધમ્મો। ધર્મનું મૂળ સમ્યગ્દર્શન છે.

વર્ષ-૪
અંક-૯

આત્મધર્મ
શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

સંવત
૨૦૬૬
May
A.D. 2010

## દ્રવ્યદૃષ્ટિ–માર્ગપ્રકાશક

# ગુરુ કહાન : ઉપકાર મહાન

* **જેવી રીતે ભવ્યજીવોના આત્મોદ્ધારનું ઉપાદાન તૈયાર થતાં તીર્થંકરનો યોગ બને જ;**

  તેવી રીતે મુમુક્ષુજીવોના આત્મોદ્ધારની યોગ્યતા તૈયાર થતાં સીમંધરસ્વામીની ધર્મસભામાં દિવ્યધ્વનિનું શ્રવણ પાન કરીને ભાવિ તીર્થંકર પૂજ્ય ગુરુદેવશ્રીનો ભારતમાં યોગ બન્યો.

* **જેવી રીતે ભવ્યજીવોના ભવાંત માટે વિના પ્રયત્ને ભગવાનની દેશના છૂટે અને ગામોગામ વિહાર થાય;**

  તેવી રીતે મુમુક્ષુઓના મિથ્યાત્વ–નાશ અર્થે ૪૫–૪૫ વર્ષો સુધી પૂજ્ય ગુરુદેવશ્રીનો અકારણ કરુણાથી અધ્યાત્મ–અમૃતવાણીનો ધોધ વરસ્યો ને દેશ-વિદેશમાં વિહાર થયો.

* **જેવી રીતે ભગવાનના સમવસરણમાં આવનાર સર્વે ભવ્ય જ હોય;**

  તેવી રીતે આવા હુંડાવસર્પિણી પંચમકાળમાં જિજ્ઞાસાથી બહુમાનપૂર્વક ગુરુવાણીનું શ્રવણ-મનન-ચિંતન કરનાર મુમુક્ષુઓ અલ્પકાળે મોક્ષ જનાર ભવ્ય જ હોય.

* **જેવી રીતે ભગવાનની વાણીનું શ્રવણ કર્યાં પહેલાં જ અભિમાનીનું માન ગળી જાય ને ભગવાનનો ભક્ત બની જાય;**

તેવી રીતે ગુરુવાણીનું સાક્ષાત્ શ્રવણપાન કર્યા પહેલાં જ ગુરુદર્શનમાત્રથી વિરોધ કરનાર પણ ગુરુદેવના ભક્ત બની જતાં.

*** જેવી રીતે ભગવાનને કેવળજ્ઞાનમાં ભાસે તેવું જ તેઓની વાણીમાં આવે, વાણી ભગવાનના જ્ઞાન–અનુસારિણી જ હોય;**

તેવી રીતે ગુરુકહાનને જેવું સ્વાનુભૂતિમાં ભાસ્યું તેવું જ તેઓની વાણીમાં આવ્યું. દેશના સ્વાનુભવ-અનુસારિણી જ આવતી, તેથી તેઓશ્રીએ જે કાંઈ કહ્યું–ઉપદેશ્યું તે બધું સ્વાનુભવનો માર્ગ પ્રકાશનાર જ છે.

*** જેવી રીતે ભગવાનની વાણીમાં જે આવે તેવું જ સત્ય ભવ્ય જીવો સમજી લ્યે; વાણીનો અર્થ સમજવા અન્યની જરૂર ન પડે તેમ જ અન્યથા સમજે એવું પણ ન બને;**

તેવી રીતે ગુરુ–કહાનની ધોધમાર વરસતી દેશનામાં જે કાંઈ આવ્યું તે આત્માર્થી મુમુક્ષુઓ સમજી લેતાં; વાણીનો કોઈ એવો સાતિશય પ્રભાવ હતો કે આત્માર્થી મુમુક્ષુઓને સમજવામાં પરાધીનતા કે મુંઝવણ થતી નથી.

*** જેવી રીતે દેવ હો, મનુષ્ય હો કે તિર્યંચ હો—બધાય ભગવાનની વાણી સમજી લેતાં; સમજવામાં કોઈને કઠિનાઈ ન પડે એવો જ વાણીનો ચમત્કારિક પ્રભાવ હોય;**

તેવી રીતે ચાર ચોપડી ભણેલો હો, અભણ હો કે વૃદ્ધ હો, કોઈને પણ ગુરુવાણીનું હાર્દ સમજવામાં કાંઈ પણ મુંઝવણ થતી નથી એવો જ કોઈ ગુરુવાણીનો ચમત્કારિક પ્રભાવ છે.

*** જેવી રીતે ભગવાનની દિવ્યધ્વનિ છૂટવી શરૂ થયા બાદ ભગવાન મોક્ષ પ્રાપ્ત કરે ત્યાં સુધી દિવ્યધ્વનિ નિયમિત છૂટતી જ રહે;**

તેવી રીતે ઉપકારી કહાનગુરુની અધ્યાત્મ-અમૃત-વાણીનો લાભ તેઓશ્રીના સ્વર્ગારોહણપર્યંત સુધી (૪૫–૪૫ વર્ષો સુધી) મુમુક્ષુઓને એક ધારો મળતો રહ્યો હતો.

*** જેવી રીતે ભગવાનની ધર્મસભામાં ઇન્દ્ર, ચક્રવર્તી અને અનેક**

**મહા પ્રતાપી પુણ્યવંત રાજાઓ આદિની ઉપસ્થિતિ હોય જ;**

તેવી રીતે પૂજ્ય ગુરુદેવશ્રીની ધર્મસભામાં સમાજના પ્રતિષ્ઠિત, પુણ્યવંતો, ધીમંતો, શ્રીમંતો ને વિદ્વત્‌જનોની ઉપસ્થિતિ રહેતી.

* **જેવી રીતે ભગવાનના મોક્ષ પછી પણ ગણધરદેવોથી માંડીને ધર્મધુરંધર આચાર્યદેવો પર્યંત પરંપરાએ ભગવાનની વાણી ટકી રહે છે;**

તેવી રીતે ગુરુ–કહાનની વાણી પંચમ–આરાના અંત સુધી તેઓશ્રીના ટેપ–પ્રવચનો ને પ્રવચન–સાહિત્ય દ્વારા પંચમ આરાના અંત સુધી ટકી રહેશે.

* **જેવી રીતે ભગવાનની ગેરહાજરીમાં પણ ધર્મકાળ વર્તે ત્યાં સુધી તે તીર્થંકર ભગવાનનું શાસન કહેવાય છે;**

તેવી રીતે ગુરુદેવશ્રીની ગેરહાજરીમાં પણ અધ્યાત્મયુગસ્રષ્ટા પૂજ્ય ગુરુદેવશ્રીનું નામ પંચમ–આરાના અંત સુધી દ્રવ્યદૃષ્ટિ–માર્ગપ્રકાશકના રૂપમાં અધ્યાત્મજગતમાં સદાય ગૂંજતું રહેશે.

* **જેવી રીતે તીર્થંકર ભગવાન એકલા મોક્ષે જતાં નથી પરંતુ તેમની સાથે થોકના થોક જીવો મોક્ષે જાય છે;**

તેવી રીતે પૂજ્ય ગુરુદેવશ્રી ભવિષ્યમાં તીર્થંકર થઈને મોક્ષે પધારશે ત્યારે થોકના થોક જીવો મોક્ષ પામશે જ અને તે વર્તમાનના આ મુમુક્ષુઓનું પરમ સૌભાગ્ય હશે.

—આમ જેઓએ મુમુક્ષુસમાજ ઉપર તીર્થંકરની જેમ અનંત ઉપકારવર્ષા વરસાવી છે એવા ભાવિ તીર્થંકર પૂજ્ય ગુરુદેવશ્રીની ૧૨૧મી જન્મજયંતી પ્રસંગે, તેઓશ્રી દ્વારા પ્રરૂપિત તત્ત્વજ્ઞાનની ગહન ઉપાસનામાં જીવન વ્યતીત કરવાની કટિબદ્ધતાપૂર્વક, તેઓશ્રીના અકારણ અનંત ઉપકારના સ્મરણ સહિત તેઓશ્રીના ચરણોમાં મુમુક્ષુસમાજ વતી કોટિ કોટિ વંદન.

—સંપાદક

# જ્ઞાયકસ્વભાવી શુદ્ધ આત્માને જાણ

**જેને ૮૪ લાખ યોનિની રખડપાટથી છૂટવાની ઝંખના છે એવો પાત્ર શિષ્ય આચાર્ય મહારાજને પ્રશ્ન કરે છે કે પ્રભુ! એ શુદ્ધ આત્મા કોણ છે?– કે જેને જાણવો જોઈએ. તેને કરુણાથી કહે છે કે જેમ દૂધ ને પાણી એક-ક્ષેત્રાવગાહે હોવાથી એક દેખાવા છતાં પોત પોતાના સ્વભાવની અપેક્ષાએ તેઓ ભિન્ન છે, તેમ જે પોતે પોતાથી અનાદિ અનંત નિત્ય ઉદ્યોતરૂપ પ્રકાશમાન જ્યોતિ છે એવો આત્મા સંસારદશામાં રાગ સાથે એકરૂપ જેવો દેખાવા છતાં જે દ્રવ્યસ્વભાવ છે, જે જ્ઞાયકભાવ છે એ તો રાગરૂપે થયો જ નથી. શુભાશુભ ભાવો અચેતન છે ને જ્ઞાયકભાવ ચેતન છે. જો જ્ઞાયકભાવ શુભાશુભપણે પરિણમે તો તે જડરૂપ થઈ જાય. પરંતુ જ્ઞાયકભાવ શુભાશુભપણે પરિણમ્યો જ નથી. એવા જ્ઞાયકભાવને હે શિષ્ય! તું શુદ્ધ આત્મા જાણ.**

(શ્રી સમયસાર-ગાથા-૬ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના (મુંબઈના) પ્રવચનમાંથી)

આ એક સમયસાર સિદ્ધાંત છે. સમયસાર એટલે શુદ્ધ દ્રવ્યસ્વભાવ કે જે શરીર, વાણી, મન ને કર્મ તથા શુભાશુભ રાગથી ભિન્ન છે અને પોતાના કાયમી શુદ્ધ નિર્મળ સ્વભાવથી અભિન્ન છે, તેને બતાવનારું આ શાસ્ત્ર છે. તેમાં ભગવત્ શ્રી કુંદકુંદ આચાર્ય મહારાજ કહે છે કે અમને જે આનંદ ને શાંતિનો સાગર દશામાં ઊછળ્યો છે, પર્યાયમાં આનંદની ભરતી આવે છે, પ્રચુર સ્વસંવેદન છે એ અમારા નિજ વૈભવની મહોર–છાપ છે. એ નિજ વૈભવ અમને ક્યાંથી મળ્યો? કે જે અરિહંત ભગવાન વિજ્ઞાનઘન વસ્તુમાં નિમગ્ન હતા તે પરમાત્માની આ વાણી આવી છે, અમારા ગુરુ પણ વિજ્ઞાનઘનમાં નિમગ્ન હતા, તેમણે અમારા ઉપર મહેરબાની કરીને જે શુદ્ધ આત્માનો ઉપદેશ આપ્યો તેનાથી નિજ વૈભવ પ્રાપ્ત થયો છે.

વસ્તુ નિરાવરણ છે, અખંડ છે, એક છે, પ્રત્યક્ષ પ્રતિભાસમય પરમાત્મદ્રવ્ય છે, તેનો અમને અમારા ગુરુએ ઉપદેશ આપ્યો છે. વીતરાગ પરમાત્મા તો બહારમાં રહ્યાં, નિજ પરમાત્માના અનુભવથી નિજ વૈભવ દેખાડીશ તેને તું અંતરના અનુભવના વેદનમાં પ્રમાણ કરજે–એમ કહ્યું.

પરમાત્માના ઘરનો ઠેઠનો જે ઉપદેશ અમારા ગુરુએ આપ્યો ને અમારી દશામાં પ્રગટ્યો છે, તે નિજ વૈભવનો હું તને ઉપદેશ કહીશ અને તું તેને અતીન્દ્રિય આનંદના વેદનથી પ્રમાણ કરજે. પૂર્ણાનંદના નાથની હું તને વાત કરીશ પણ જો વ્યાકરણના કોઈ શબ્દોમાં ત્રુટી હોય ને તને ખ્યાલ હોય તો તેમાં રોકાઈશ નહીં પણ શુદ્ધાત્માનો અનુભવ કરીને પ્રમાણ કરજે.

ત્યારે શિષ્ય પ્રશ્ન કરે છે કે એ શુદ્ધ આત્મા કોણ છે કે જેના તમે આટલા વખાણ કરો છો. શિષ્યનો પ્રશ્ન તો જુઓ? પૈસા કેમ મળે કે પુત્ર-પ્રાપ્તિ કેમ થાય?—કે વેઠથી સાંભળવા આવે તેને અહીં લીધો નથી પણ જે શિષ્યના હૃદયમાં જિજ્ઞાસા છે કે શુદ્ધ આત્મા કોણ છે?—કે પ્રભુ! એ શુદ્ધ આત્મા કોણ છે કે જેને જાણવો જોઈએ. એ શુદ્ધ આત્મા કોણ છે કે જેને અમે ચાર ગતિમાં રખડતાં અનંત કાળમાં જાણ્યો નથી. શાસ્ત્ર જાણવા જોઈએ એમ નથી લીધું પણ શુદ્ધ આત્મા જાણવો જોઈએ એમ લીધું છે. ચાર ગતિના દુઃખમાં શેકાઈ રહ્યા છીએ પણ એ શુદ્ધ આત્માને અમે જાણ્યો નથી, તો એ શુદ્ધા આત્મા છે કોણ પ્રભુ! કે જેને જાણવો જોઈએ—એમ શિષ્યની જિજ્ઞાસા છે.

જેને એવો પ્રશ્ન ઊઠે છે કે પ્રભુ! અનંત કાળમાં રખડતાં રખડતાં અમે બીજું બધું અનંતવાર કર્યું, વ્રત-ભક્તિ-દયા-દાન આદિ બધું કર્યું પણ આત્મા હાથ ન આવ્યો તો એ છે કોણ? રાગની મંદતાની રુચિની આડમાં ભગવાન આત્મા જોવાનો રહી ગયો તે છે કોણ?—તેને અહીં આચાર્ય મહારાજ ઉત્તર આપે છે.

શિષ્યની પાત્રતા કેટલી?—કે અંતરથી ધગશથી પ્રશ્ન ઊઠવો જોઈએ કે શુદ્ધ આત્મા કોણ છે કે જેને જાણવો જોઈએ. એવા પાત્ર શિષ્યને માટે આ ઉત્તર છે, વેઠથી સાંભળવા આવ્યા હોય તેને માટે આ ઉત્તર નથી.

નથી અપ્રમત્ત કે પ્રમત્ત નથી જે એક જ્ઞાયક ભાવ છે,
એ રીત ‘શુદ્ધ’ કથાય, ને જે જ્ઞાત તે તો તે જ છે. ૬.

જે અંદર જ્ઞાયકભાવ પ્રભુ છે તેમાં દયા-દાન-વ્રતના પરિણામ નથી, એ તો નથી પણ જેમાં અપ્રમત્ત કે પ્રમત્ત દશા પણ નથી એવો જ્ઞાયકભાવ છે. જાણક જાણક જાણક ચૈતન્ય ચૈતન્ય સ્વભાવ જ્ઞાયકભાવ છે. સમ્યગ્દર્શનનો વિષય જ્ઞાયકભાવ છે, એ જ્ઞાયકભાવ અપ્રમત્ત કે પ્રમત્ત પણ નથી. જ્ઞાયકભાવમાં ૧૩મુ કે ૧૪મુ ગુણસ્થાન પણ

નથી. જેમ તેલનું ટીપું પાણીના દળમાં પ્રવેશ કરતું નથી તેમ જ્ઞાયકદળમાં પ્રમત્ત અપ્રમત્ત દશા નથી, કેમ કે જ્ઞાયકભાવ છે તે પ્રમત્ત-અપ્રમત્તરૂપ થતો નથી.

શુભાશુભભાવ છે તે જડ છે તેથી જો જ્ઞાયકભાવ શુભાશુભપણે થાય તો જ્ઞાયકભાવ જડપણે થઈ જાય, પણ જ્ઞાયકભાવ જડરૂપે થતો જ નથી. જ્ઞાયકભાવ છે તે શુભાશુભ ભાવરૂપ અચેતનપણે થયો જ નથી. શુભાશુભ ભાવ છે તો આત્માની પર્યાયમાં, પણ તેમાં ચેતનનો અંશ નથી તેથી તે અચેતન છે અને જ્ઞાયકભાવ છે તે અચેતનરૂપ થયો નથી.

જ્ઞાયકભાવ છે તે શુભાશુભપણે થયો જ નથી તેથી જ્ઞાયકભાવ છે તે પ્રમત્ત કે અપ્રમત્ત નથી. શિષ્યનો પ્રશ્ન એમ છે કે જેને જાણતાં શાંતિનું પ્રયોજન સિદ્ધ થાય એવો શુદ્ધ આત્મા કોણ છે?—તેને સંતો કહે છે કે જે સમ્યગ્દર્શનનો વિષય છે એવો જ્ઞાયકભાવ કે જેમાં ૧૩મા ને ૧૪ મા ગુણસ્થાનની દશાઓ પણ નથી, જે દ્રવ્યસ્વભાવમાં એકથી ચૌદ ગુણસ્થાનની દશા પણ નથી એવો જ્ઞાયકભાવ તે શુદ્ધ આત્મા છે.

જેમ સીઢીના પગથિયા હોય તેમ આત્માની દશાના ચૌદ દશારૂપ પગથિયા છે. તેમાં એકથી છ ગુણસ્થાનની દશા તે પ્રમત્ત દશા છે ને સાતથી ચૌદ ગુણસ્થાનની દશા તે અપ્રમત્ત દશા છે. પરંતુ એ બધી દશાઓ સમ્યગ્દર્શનના વિષયભૂત જ્ઞાયકભાવમાં નથી. પ્રમત્ત-અપ્રમત્ત દશા જેમાં નથી તેવા દ્રવ્યની દૃષ્ટિ તેને શુદ્ધ કહે છે. પ્રમત્ત-અપ્રમત્ત દશાઓનું લક્ષ છોડીને ત્રિકાળી જ્ઞાયકભાવનું જે લક્ષ કરે છે તેને શુદ્ધ કહેવામાં આવે છે, જેને દૃષ્ટિમાં જ્ઞાયકભાવ આવ્યો નથી તેને શુદ્ધ કહેતા નથી.

પર્યાયદૃષ્ટિ છોડીને જે જ્ઞાયકની દૃષ્ટિ કરે છે ત્યારે તેને આ 'શુદ્ધ' છે તેમ કહેવાય છે. શુદ્ધ છે, પણ જેણે જાણ્યો નથી તેને શુદ્ધ ક્યાંથી આવ્યો? ચૌદ ગુણસ્થાનની દશાઓ જેમાં નથી–એ તો નાસ્તિથી થયું, ત્યારે અસ્તિમાં છે શું?—કે જ્ઞાયકભાવ છે. તેની દૃષ્ટિ કરે ત્યારે શુદ્ધ કહેવાય છે. વસ્તુ છે તે સંપૂર્ણ સ્વભાવી ભાવ છે, તેની દૃષ્ટિ કરીને જેણે અવલંબન લીધું તેને શુદ્ધ કહેવામાં આવે છે. પ્રમત્ત–અપ્રમત્તપણાની જેને રુચિ છૂટી ગઈ છે ને એકલો જ્ઞાયકભાવ જેણે દૃષ્ટિમાં લીધો છે તેને શુદ્ધ કહેવાય છે. પ્રમત્ત-અપ્રમત્ત દશાનું લક્ષ છોડીને જ્ઞાયકનું લક્ષ કરતાં જ્ઞાયકનું જ્ઞાન થાય છે તને શુદ્ધ કહેવાય છે.

સમ્યગ્દૃષ્ટિ છે, મુનિ છે, તેને જ્યાંસુધી કેવળજ્ઞાન થયું નથી ત્યાંસુધી રાગ આવે છે તેને ધર્મી જાણે છે પણ એ રાગ તેનું કાર્ય છે એમ જાણતો નથી. જ્ઞાયકનું જ્ઞાન

થયું છે ને સાથે જે રાગ છે તે સંબંધીનું જ્ઞાન પણ થયું છે પણ તેથી રાગ છે તે કર્મ છે તેમ નથી. જાણક સ્વરૂપ છે તે જ્ઞાયકપણે જણાયો તે તો તે જ છે એટલે કે સમ્યગ્દર્શન થયું ત્યારે સ્વનું જ્ઞાન થયું ને તે જ સમયે જે રાગનું જ્ઞાન થયું તે રાગનું જ્ઞાન નથી પણ જ્ઞાનનું જ્ઞાન છે, જાણનારો જ્ઞાયકભાવ છે તે જણાયો ને તે વખતે રાગનું જ્ઞાન થયું છતાં જાણનારો તો જાણનારો જ છે.

**શુદ્ધ ચૈતન્યનું જ્ઞાન શુદ્ધ દશામાં થયું તે વખતનું જ્ઞાન જ્ઞાયકને પણ જાણે છે ને રાગાદિને પણ જાણે છે છતાં તે જ્ઞાન પરનું નથી, તે જ્ઞાન તો જ્ઞાનનું જ છે. ચૈતન્યસ્વરૂપની દૃષ્ટિ થતાં પર્યાયમાં સ્વ-પરનું જ્ઞાન પ્રગટ્યું ત્યારે પરનું જાણવું થયું તે સ્વ જ છે એટલે કે રાગ સંબંધીનું જ્ઞાન થયું તે રાગના લઈને થયું છે કે તે રાગનું જ્ઞાન છે તેમ નથી પણ જ્ઞાનનું જ જ્ઞાન છે.**

### પોતે પોતાથી અનાદિ અનંત ઉદ્યોતરૂપ છે.

પહેલાં ગાથાની સામાન્ય વ્યાખ્યા કરી, હવે વિશેષ સ્પષ્ટીકરણ કરે છે કે આ આત્મા છે તે પોતે પોતાથી જ છે, તેનો કર્તા કોઈ ઈશ્વર આદિ નથી. પોતે પોતાથી જ સ્વયં સિદ્ધ આત્મા છે. તેથી કોઈથી ઉત્પન્ન કરાયો નથી પરંતુ અનાદિ અનંત જેવો છે તેવો જ પોતાથી છે. પોતે નિત્ય છે તેમ દૃષ્ટિ કરતો નથી ને પર ચીજને નિત્ય કરવા માગે છે એટલે કે રાખવા માગે છે તે તેની મૂર્ખતા છે.

પૂર્ણાનંદનો નાથ કે જેને અશુદ્ધતા નથી, આવરણ નથી કે ઉણપ નથી એવો આત્મા સ્વયં પોતે પોતાથી જ હોવાથી અનાદિ સત્તારૂપ છે અને ભવિષ્યમાં કદી નાશ નહીં પામનારો હોવાથી અનંત છે અને ક્ષણિક નહીં હોવાથી નિત્ય ઉદ્યોતરૂપ છે. આત્મા કેવો છે તેનો આ ઉત્તર ચાલે છે. ભૂત, ભવિષ્ય ને વર્તમાન અપેક્ષાએ અનાદિ અનંત અને નિત્ય ઉદ્યોતરૂપ કહીને હવે કહે છે કે સ્પષ્ટ પ્રકાશમાન જ્યોતિ છે. નિરાવરણ જ્યોતિ છે. વસ્તુને આવરણ, ઉણપ કે અશુદ્ધતા શું હોય?—એવો જ્ઞાયક પ્રભુ છે. ધ્રુવ-ધ્રુવ જાણક જાણક એવા પ્રવાહરૂપ જ્ઞાયક છે કે જેમાં રાગ તો નથી પણ એક સમયની પર્યાય પણ તેમાં નથી.

### ક્ષીરનીરની માફક, સંસારદશામાં રાગ સાથે એકરૂપ જેવો દેખાવા છતાં જ્ઞાયકભાવ રાગરૂપ થયો નથી.

જાણનાર જાણનાર જાણનાર એવો ધ્રુવ જ્ઞાયક એકરૂપ ભાવ તે આત્મા છે. તે

સમ્યગ્દર્શનનો વિષય છે. એકલો જ્ઞાનાનંદ ભાવ, એકરૂપ ભાવ તે વસ્તુ છે. આવી વસ્તુ હોવા છતાં તેની વર્તમાન દશામાં રાગનો બંધ છે એવું બંધના નિરૂપણથી એટલે કે કથન અપેક્ષાથી, દૂધ ને પાણીની જેમ જાણે રાગની સાથે એકરૂપ દેખાય છે. કેમ કે જ્ઞાયક ઉપર જેને નજર પડી નથી તેને રાગવાળો દેખાય છે. સંસારદશામાં અનાદિ બંધપર્યાયની અપેક્ષાએ—એમ કેમ કહ્યું?—કે અનાદિથી અશુદ્ધ અવસ્થા છે, પહેલાં શુદ્ધ હતો ને પછી અશુદ્ધ થયો છે એમ નથી એ સિદ્ધ કરવા એમ કહ્યું છે.

આમ હોવા છતાં, જેમ દૂધના સ્વભાવની અપેક્ષાએ જોઈએ તો દૂધ તો દૂધપણે જ છે, પાણીરૂપે થયું નથી. તેમ કર્મના નિમિત્તે સાંસારિક પ્રવૃત્તિ રાગ હોવા છતાં—અનાદિથી પર્યાયમાં રાગમિશ્રિત દશા હોવા છતાં, તેના દ્રવ્યસ્વભાવની અપેક્ષાએ જોઈએ તો વસ્તુ શુભાશુભરૂપે થઈ નથી.

## શુભાશુભભાવરૂપે જ્ઞાયક પરિણમતો નથી

પુણ્ય-પાપનું કષાયચક્ર દુરંત છે. ચક્ર એટલે કે શુભ ને અશુભ શુભ ને અશુભ—એમ કષાયનું ચક્ર ચાલ્યા જ કરે છે. અનંતવાર શુભનું ચક્ર ને અશુભનું ચક્ર ફરી ગયું છે, એ કાંઈ નવું નથી, એનો અંત લાવવો એ દૂર અંત છે અર્થાત્ એ ચક્રમાંથી નીકળવું એ અનંત પુરુષાર્થ છે. જેમ બે ઈંચ લાંબી ઈયળના છેડાનો ભાગ પાંચ મણના પત્થર નીચે દબાયો હોય તો તેની નીચેથી છૂટવું—નીકળવું ઘણું દુષ્કર છે, તેમ પુણ્ય-પાપના કષાયચક્રનો અંત લાવવો દુરંત છે. અનંતવાર દયા-દાન તથા પાપભાવ કર્યા પણ તે કષાયચક્ર છે. અરેરે! ભવના અભાવના આ ટાણા આવ્યા ત્યારે આ વાત નહીં સમજે તો ક્યારે સમજીશ ભાઈ!

અહીં કહે છે કે વિકલ્પની વિચિત્રતાના વશે પ્રવર્તતા પુણ્ય-પાપને ઉત્પન્ન કરનાર શુભાશુભરૂપે જ્ઞાયક પરિણમતો નથી. દુરંત કષાયચક્રના વિકલ્પના વશે પ્રવર્તતા જે પુણ્ય-પાપ તેને ઉત્પન્ન કરનાર સમસ્ત શુભાશુભભાવે જ્ઞાયક પરિણમતો નથી. જ્ઞાયકભાવ એક છે ને શુભાશુભ અનેક છે, તેથી જે જ્ઞાયકભાવ છે તે સમસ્ત અનેકરૂપ શુભાશુભભાવે થયો નથી. પર્યાયમાં શુભાશુભભાવ ભલે હો પણ વસ્તુના સ્વભાવે જોઈએ તો જ્ઞાયકભાવ શુભાશુભના સ્વભાવે પરિણમતો નથી. ત્રિકાળી ચૈતન્ય જ્યોતિના સ્વભાવભાવે જોતાં, પર્યાયમાં શુભ-અશુભ પરિણામે પરિણમવા છતાં, વસ્તુ છે તે શુભાશુભભાવે કદી પરિણમતી નથી. જ્યાં દૃષ્ટિ કરવી છે તે જ્ઞાયક વસ્તુ એવી ને એવી રહી છે. પાણીને

પાણીની દૃષ્ટિએ જોઈએ તો પાણી કદી મેલું થયું નથી, કેમકે પાણી મેલું થાય તોપણ પાણીના સ્વભાવની દૃષ્ટિએ જોઈએ તો પાણીના દળની શુદ્ધતા તો શુદ્ધ જ છે, પાણીના દળમાં તેલના ટીપાં નાખે તો ઉપર જ રહે છે. તેમ જ્ઞાયક સ્વભાવમાં પર્યાયમાં ઉપર ઉપર અશુદ્ધતા અનાદિની હોવા છતાં વસ્તુના સ્વભાવે જોતાં વસ્તુ છે તે પુણ્ય-પાપરૂપે થઈ નથી. એવી વસ્તુની દૃષ્ટિ કરતાં આત્મજ્ઞાન થાય છે એમ આચાર્યદેવ શિષ્યને ઉત્તર કહે છે.

જેમ પાણી છે તે મેલરૂપે થતું નથી તેમ જ્ઞાયકભાવ છે તે જડરૂપે થતો નથી, શુભાશુભભાવ જડરૂપે છે તેમ અહીં કહ્યું છે. જડ એટલે સ્પર્શ, રસ, ગંધ, વર્ણવાળો છે તેમ નહીં પણ તેમાં ચૈતન્યના અંશનો અભાવ છે તેથી જડ છે. પુદ્‌ગલ પરમાણુ પણ જડ છે, ધર્માસ્તિકાય આદિ પણ જડ છે ને આ શુભાશુભભાવ પણ ચૈતન્યના અભાવરૂપ જડ છે. દયા-દાન આદિનો ભાવ તે રાગ છે, એ રાગ પોતે પોતાને જાણતો નથી, રાગ ચૈતન્યને જાણતો નથી અને રાગ ચૈતન્ય વડે જણાય છે માટે રાગ છે તે જડ છે.

## જ્ઞાયકભાવ શુભાશુભપણે થાય તો તે અચેતન થઈ જાય

ભગવાન તું ગુણનો ગોદામ છે, પુણ્ય-પાપના ભાવનો તું ગોદામ નહીં. ભગવાન આત્મા જ્ઞાયકભાવરૂપ છે ને શુભાશુભ અચેતન છે, જ્ઞાયકભાવ શુભાશુભપણે થાય તો ચેતન છે તે અચેતન થઈ જાય. જાણક જાણક ભાવ તે અજાણક એવા શુભાશુભભાવે થાય તો તે અચેતન થઈ જાય. માટે જ્ઞાયક તે તો જ્ઞાયક જ રહ્યો છે કે જે સમ્યગ્દર્શનનો વિષય છે.

જ્ઞાયકભાવ છે તે જડરૂપે થયો નથી. ચેતન છે તે અચેતન એવા શુભાશુભપણે થયો નથી. શરીર કે કર્મપણે તો થયો નથી પણ સર્વજ્ઞ સ્વભાવનો નાથ એવું તત્ત્વ પુણ્ય-પાપના ભાવરૂપે પણ થયું નથી—એવા આત્માને તારે જાણવો જોઈએ એમ શિષ્ય કહે છે.

ચૈતન્ય જ્ઞાયક પ્રભુ, વર્તમાન હાલતમાં શુભાશુભભાવ હોવા છતાં, તે રૂપે થતો નથી. જેણે આત્મજ્ઞાન કરવું છે તેણે આ રીતે અનુભવ કરીને નક્કી કરવું પડશે. દુઃખરૂપે જ્ઞાયકભાવ થતો નથી અને અંદરમાં દયા-દાનનો ભાવ થાય તે રૂપે જ્ઞાયકભાવ થતો નથી. જો જ્ઞાયક તે રૂપે થાય તો જ્ઞાયક જડ થઈ જાય.

શુભ ને અશુભ બન્ને પ્રકારના ભાવો દુઃખરૂપ છે, આનંદ સ્વરૂપ ભગવાન આત્મા તે રૂપ થયો નથી. વર્તમાન હાલત-દશા દુઃખરૂપ થઈ છે પણ વસ્તુ છે તે દુઃખરૂપ થઈ

નથી. જાણનાર જાણનાર જ્ઞાયકભાવ અતીન્દ્રિય આનંદનો નાથ છે પણ કોઈ દિ' તેની નજર કરી નથી, તેની તેં રુચિ કરી નથી. જેનો સ્વભાવ અપરિમિત જ્ઞાનાનંદ છે એવો આત્મા, વર્તમાન સંસારદશામાં પર્યાયમાં વિકારરૂપ પરિણમ્યો છે છતાં, તે વિકારરૂપ પરિણમ્યો નથી. વસ્તુ તરીકે જ્ઞાયક એકભાવ છે ને તેની દશામાં જે શુભાશુભભાવ છે તે અનેકભાવ છે, તેથી સ્વ-પરપ્રકાશક સ્વભાવી એક જ્ઞાયકભાવ અનેકરૂપ શુભાશુભભાવપણે થયો જ નથી.

શિષ્યનો જે પ્રશ્ન હતો તેનો આ ઉત્તર છે. જ્ઞાયકભાવ છે તે શુભ-અશુભપણે પરિણમતો જ નથી. કેમ કે શુભ-અશુભમાં જ્ઞાન નથી, દર્શન નથી, આનંદ નથી. એ તો જડ અચેતનરૂપ છે. સર્વજ્ઞ પરમાત્માની વાણીમાં આ હુકમ-ફરમાન આવ્યું કે પ્રભુ તું કોણ છો?—કે તું જ્ઞાયક છો કે જે શુભાશુભભાવમાં આવ્યો નથી એટલે કે અજ્ઞાનદશામાં પણ જે જાણનારો પ્રભુ છે તે અશુભમાં તો આવ્યો નથી પણ દયા-દાન-વ્રત આદિના શુભભાવમાં પણ ચૈતન્યપ્રભુ આવ્યો નથી.

પ્રભુ! તું કોણ છો એની તને ખબર નથી. તારી પૂરી વાત સર્વજ્ઞ પણ વાણીમાં કહી શક્યા નથી એવો તું મહાન છો, પણ તું અનુભવ કરે તો તને જાણે એવો છો. જ્ઞાયકભાવ શુભાશુભરૂપે થયો નથી તેથી તું ત્યાં દૃષ્ટિ કરે તો તને મળે એવો તું છો. જાગતો જીવ ઊભો છે તે ક્યાં જાય? ત્યાં નજર કર તો તને જરૂર પ્રાપ્ત થશે જ.

## સમસ્ત અન્ય દ્રવ્યોના ભાવથી ભિન્નપણે જ્ઞાયકભાવને ઉપાસવામાં આવતાં તે 'શુદ્ધ' કહેવાય છે

જ્ઞાયકભાવ છે તે શુભાશુભરૂપે થયો નથી તેથી તે પ્રમત્ત—અપ્રમત્ત નથી. શુભભાવપણે થયો નથી તેથી ૧૪ ગુણસ્થાનના ભેદ પણ તેમાં નથી. જ્ઞાયકભાવ, ધ્રુવભાવ શુભાશુભપણે થયો નથી તેથી તે પ્રમત્ત પણ નથી ને અપ્રમત્ત પણ નથી. ચૌદ ગુણસ્થાનના ભેદો—પ્રમત્ત-અપ્રમત્તપણું વસ્તુમાં નથી. નિત્યાનંદ પ્રભુ શુભાશુભપણે થયો નથી તેથી જ્ઞાયકભાવમાં પ્રમત્ત-અપ્રમત્તના ભેદો નથી. એવા જ્ઞાયકભાવને સમસ્ત અન્ય દ્રવ્યોના ભાવોથી એટલે કે કર્મના નિમિત્તે થતાં ક્રોધ-માન-માયા-લોભ આદિ સમસ્ત ભાવોથી ભિન્નપણે ઉપાસવામાં આવતાં અર્થાત્ રાગથી ભિન્નપણે દેવાધિદેવને ઉપાસવામાં આવતાં, દૃષ્ટિનું ધ્યેય બનાવવામાં આવતાં તે 'શુદ્ધ' કહેવાય છે. જ્ઞાયક તો શુદ્ધ જ છે પણ તેને ઉપાસવામાં આવતાં તે 'શુદ્ધ' કહેવાય છે.

શુદ્ધ છે પણ કોને?—કે વિકલ્પથી ભિન્ન પડીને, જ્ઞાયકને તેને દૃષ્ટિમાં ધ્યેય બનાવીને શુદ્ધ છે એમ અનુભવ કરવામાં આવે તેને તે શુદ્ધ છે. શુદ્ધ છે એમ દૃષ્ટિમાં જેને સ્વીકાર આવ્યો છે તેને તે શુદ્ધ છે. પ્રમત્ત-અપ્રમત્ત નથી એવા જ્ઞાયકભાવને રાગથી ભિન્ન પડીને પર્યાયમાં અનુભવવામાં આવે તેને તે શુદ્ધ કહેવાય છે.

સ્વપરપ્રકાશકનો પુંજ પ્રભુ તો શુદ્ધ જ છે પણ તેને રાગથી ભિન્ન પડીને ઉપાસવામાં આવે તેને તે શુદ્ધ છે. સમસ્ત પરદ્રવ્યથી ભિન્ન પડીને સ્વમાં એકાગ્રતા કરતાં શુદ્ધતા પ્રગટે છે તેને તે શુદ્ધ છે. રાગના વિકલ્પપણે થયો નથી માટે રાગાદિથી ભિન્ન પડીને જ્ઞાયકને સેવવામાં આવતાં પર્યાયમાં શુદ્ધતાનો નમુનો આવ્યો તેને તે શુદ્ધ છે એમ પ્રતીતમાં આવે છે, વિકલ્પવાળાને તે શુદ્ધ છે એમ પ્રતીતમાં આવતો નથી.—એમ આચાર્યદેવ શિષ્યને ઉત્તર આપે છે.

પ્રભુ! તને આ મનુષ્યભવ ને સાંભળવાનો યોગ તથા વિચારવાનો ક્ષયોપશમ મળ્યો છે તો હવે રાગથી ભિન્ન પડીને એટલે કે પર્યાયબુદ્ધિ છોડીને દ્રવ્યદૃષ્ટિ કર. ભાઈ! વીતરાગ સર્વજ્ઞે કહેલાં તત્ત્વો કોઈ ચમત્કારીક છે. પ્રભુ! તારે જન્મ-મરણના દુઃખ ટાળવા હોય ને મુક્તિ એટલે કે પરમાનંદની પ્રાપ્તિ કરવી હોય તો આ એક જ ઉપાય છે કે શુભાશુભથી ભિન્ન પડીને જ્ઞાયકસ્વભાવની ઉપાસના કરવી.

## જ્ઞેયકૃત અશુદ્ધતા જ્ઞાયકને નથી

હવે દૃષ્ટાંતથી વિશેષ સમજાવે છે કે લાકડાં છાણાં આદિ બળવાયોગ્ય દાહ્યપદાર્થ છે અને તે બળવાયોગ્ય પદાર્થના આકારે અગ્નિ થાય છે માટે તેને દહન અર્થાત્ બાળનાર કહેવાય છે. અગ્નિ છાણાં આદિ બળવાયોગ્ય પદાર્થોના આકારે થાય છે તેથી અગ્નિને દહન—બાળનાર કહેવાય છે. બળવાયોગ્ય પદાર્થના આકારે અગ્નિ થવા છતાં દાહ્યકૃત—બળવાયોગ્ય પદાર્થની અશુદ્ધતા અગ્નિને નથી. બળવાયોગ્ય પદાર્થને લઈને અગ્નિ દાહ્ય—આકારે થઈ છે એમ નથી પણ અગ્નિ પોતે જ પોતાથી પોતાના આકારે થઈ છે. અગ્નિ દાહ્યપદાર્થના આકારે થઈ નથી પણ પોતાના આકારે થઈ છે, બળવાયોગ્ય પદાર્થના લઈને તે આકારે થઈ છે તેમ પણ નથી.

તેવી રીતે ભગવાન આત્મા જ્યાંસુધી વીતરાગ થયો નથી ને સમ્યગ્દર્શન થયું છે તેને હજી વ્યવહારરત્નત્રયનો રાગ આવે છે પણ તે પરજ્ઞેય છે. પરજ્ઞેય આકારે અહીં જ્ઞાન હોવા છતાં પરજ્ઞેયકૃત અશુદ્ધતા તેને નથી. સમ્યગ્દર્શન થયું છે ને વર્તમાન જ્ઞાનમાં

રાગના સંબંધવાળું જ્ઞાન થયું છે છતાં તે રાગના લઈને થયું નથી. જ્ઞાન તો તેના સ્વપરપ્રકાશક સ્વભાવને લઈને થયું છે. રાગનું જ્ઞાન થયું ત્યારે જાણે રાગના લઈને જ્ઞાન થયું એમ લાગશે પણ એમ નથી. રાગનું જ્ઞાન થયું માટે રાગની પરાધીનતા જ્ઞાનમાં આવી છે એમ નથી.

જેની જ્ઞાનધારામાં જ્ઞાયકનું જ્ઞાન થયું છે તેને રાગાદિ પરજ્ઞેયનું જ્ઞાન થાય છે તે જ્ઞેયના લઈને થાય એવી પરાધીનતા જ્ઞાનને નથી. શુભાશુભથી ભિન્ન પડીને ચૈતન્યની દૃષ્ટિ થઈ છે તેને જ્ઞાનની પર્યાયમાં સ્વ અને પરનું જ્ઞાન થયું ત્યાં પરજ્ઞેય છે માટે પરસંબંધી જ્ઞાન થયું છે એમ નથી. જ્ઞાનના સ્વપરપ્રકાશકપણાને લઈને જ્ઞાન થયું તેથી રાગને–જ્ઞેયને જાણતાં જ્ઞેયકૃત જ્ઞાન છે એમ નથી પણ જ્ઞાનકૃત જ્ઞાન છે.

વ્યવહારરત્નત્રયનો રાગ આવ્યો તેને જ્ઞાને જાણ્યું, ત્યાં જ્ઞાન પોતાની પર્યાયને જાણે છે, રાગને નહીં. જાણનાર સ્વને જાણતાં પરને જાણવાપણે પરિણમે છે તોપણ તેને જ્ઞેયકૃત જ્ઞાન થયું છે તેમ નથી પણ તેને જ્ઞાનકૃત જ્ઞાન છે. સમ્યગ્દૃષ્ટિ ચક્રવર્તીને રાગનું જ્ઞાન થયું તે રાગના લઈને થયું નથી પણ સ્વપરપ્રકાશક શક્તિને લઈને જ્ઞાન જ્ઞાનને જાણે છે; જ્ઞેયને જાણે છે તેમ કહેવું એ તો વ્યવહાર છે. રાગને જાણતા જે જ્ઞેયાકારે જણાયો તે આત્મા જણાયો છે, રાગ જણાયો નથી, કેમ કે તેને જ્ઞેયકૃત અશુદ્ધતા નથી.

રાગનું જાણવું થયું તેમાં રાગ કર્તા છે ને જ્ઞાન થયું તે કાર્ય છે તેમ નથી. રાગનું જાણવું થયું તેમાં કર્તા આત્મા છે ને જ્ઞાન થયું તે કાર્ય છે. રાગથી ભિન્ન પડીને જેને જ્ઞાયકનું જ્ઞાન થયું છે તેને વર્તમાન જ્ઞાનમાં રાગનું ને પરનું જ્ઞાન થયું છે તે રાગના કે પરના લઈને થયું છે એમ નથી, જ્ઞાનના કારણે જ્ઞાન થયું છે.

જેમ દીવો ઘટપટને પ્રકાશવાની અવસ્થામાં પણ દીપક છે, તે ઘટપટાદિરૂપ થયો નથી પણ દીવારૂપ છે. દીવો સ્વને પ્રકાશવામાં પણ દીવો છે ને પરને પ્રકાશવામાં પણ તે દીવો છે. તેમ જ્ઞાયકભાવ રાગને ને પરને પ્રકાશવાના કાળે જ્ઞાયક જ છે ને પોતાને પ્રકાશવાના કાળે પણ જ્ઞાયક જ છે. ચૈતન્યસ્વભાવનું જ્ઞાન થયું છે એવા સમકિતીને રાગનું જ્ઞાન થયું તે રાગનું જ્ઞાન નથી પણ જ્ઞાનનું જ્ઞાન છે, તેથી રાગ કર્તા ને જ્ઞાન કાર્ય છે તેમ નથી. સ્વ અને પરને પ્રકાશવાના કાળે જ્ઞાયક તો જ્ઞાયક જ છે—એવા જ્ઞાયકસ્વભાવી શુદ્ધ આત્માને હે શિષ્ય તું જાણ!

❀

# પ્રથમમાં પ્રથમ આત્માને જાણ

અનાદિથી આજ પર્યંત જે સાધ્ય આત્માની સિદ્ધિ થઈ નથી તે સાધ્ય આત્માની સિદ્ધિની વિધિ દૃષ્ટાંતપૂર્વક આચાર્ય મહારાજે અહીં સમજાવી છે. જિજ્ઞાસુઓને પણ એ પ્રશ્ન થતો હોય છે કે પ્રથમ શું કરવું?—તેને અહીં કહે છે કે ભાઈ! પ્રથમમાં પ્રથમ તારે આત્માને જાણવો. ભલે અનાદિ કાળથી પર્યાયમાં વિકાર સાથે મિશ્રિતપણું અનુભવાઈ રહ્યું હોવાથી અઘરું તો લાગે, પરંતુ ભેદજ્ઞાનની પ્રવિણતા વડે રાગ અને આત્માને ભિન્ન ભિન્ન લક્ષણથી 'અનુભૂતિ તે જ હું છું'—એમ આત્માને પ્રથમ જાણવો. એ રીતે જ્ઞાનમાં જેવો આત્મા જણાયો તેવી પ્રતીતિ કરીને તેમાં ઠરવાથી સાધ્યની સિદ્ધિ થાય છે.

આચાર્ય મહારાજે અહીં પ્રથમમાં પ્રથમ આત્મા જાણ એમ જાણવા ઉપર ભાર મૂક્યો છે, કેમ કે એ જાણી શકાય છે કારણ કે આબાળગોપાળ સૌને સદાકાળ અનુભૂતિસ્વરૂપ ભગવાન આત્મા પોતે જ અનુભવાય છે. અજ્ઞાની હોવા છતાં સદાકાળ ભગવાન આત્મા અનુભવાય છે. કેમ કે જ્ઞાનની વર્તમાનદશાનો સ્વપરપ્રકાશક સ્વભાવ હોવાથી સ્વ જણાય છે, પરંતુ તેનું લક્ષ પર તરફ હોવાથી જણાવા છતાં તેને જાણતો નથી. તેથી કહે છે કે જે સદાકાળ અનુભવાઈ રહ્યો છે એવા ભગવાન આત્માને પ્રથમ જાણ.

(શ્રી સમયસાર, ગાથા : ૧૭-૧૮ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના [મદ્રાસના] પ્રવચનમાંથી)

સાધ્ય આત્માની સિદ્ધિની કઈ રીતે ઉપપત્તિ થાય તે સમજાવવા આચાર્ય મહારાજ કહે છે કે :—

જ્યમ પુરુષ કોઈ નૃપતિને જાણે, પછી શ્રદ્ધા કરે,
પછી યત્નથી ધન-અર્થી એ અનુચરણ નૃપતિનું કરે. ૧૭.

જીવરાજ એમ જ જાણવો, વળી શ્રદ્ધવો પણ એ રીતે,
એનું જ કરવું અનુચરણ પછી યત્નથી મોક્ષાર્થીએ. ૧૮.

અહીં ગાથામાં પહેલાં દૃષ્ટાંત કહે છે કે જે પૈસાનો અર્થી છે એવો પુરુષ રાજાને પ્રથમ જાણે કે આ રાજા છે. પછી તેની શ્રદ્ધા કરે કે આ રાજા જ છે, તેની સેવા કરવાથી

જરૂર ધનની પ્રાપ્તિ થશે અને પછી તેની સેવા કરે. તેમ અનંત આનંદની પ્રાપ્તિ પર્યાયમાં હો એવી જેને વર્તમાન જિજ્ઞાસા છે, અનંત દુઃખથી જેને મુક્ત થવું છે તેણે પ્રથમ શું કરવું?—કે પ્રથમ આત્માને જાણવો. રાગ-દ્વેષનો વિકારભાવ, રાગદ્વેષની પરિણતિ તે દુઃખ છે, તેનાથી મુક્ત થવા ઇચ્છતા મોક્ષાર્થી પુરુષે સૌ પ્રથમ શું કરવું?—કે આત્માને જાણવો. એ તો ચૈતન્યરત્નાકર છે, ચૈતન્યરત્નોથી ભરેલો આત્મા છે, વિકારની વૃત્તિ તેનાથી ભિન્ન છે. પુણ્ય-પાપના વિકારથી ભિન્ન થઈને જાણનાર સચ્ચિદાનંદપ્રભુને સૌ પ્રથમ જાણવો. આત્મા શું છે?—કે જ્ઞાનસ્વરૂપ પ્રજ્ઞાબ્રહ્મ પ્રભુ છે, તેને પ્રથમ જાણવો. એ જાણવાની સાથે અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવવો જોઈએ; ત્યારે આત્માને જાણ્યો કહેવાય અને તેને ધર્મની શરૂઆત કહે છે.

જેને લક્ષ્મીની ઝંખના છે એવો પુરુષ તો ઘણા ઉદ્યમથી જાણે કે આ રાજા છે, મહા સંપતિવાન રાજા છે એમ ઉદ્યમપૂર્વક જાણીને પછી તેની શ્રદ્ધા કરે કે આ જરૂર રાજા જ છે, તેની સેવા કરવાથી જરૂર પૈસા મળશે એમ શ્રદ્ધા કરીને રાજાની સેવા કરીને તેને પ્રસન્ન કરે. આ તો દૃષ્ટાંત છે, હવે સિદ્ધાંત કહે છે.

## મોક્ષાર્થીએ પ્રથમમાં પ્રથમ આત્માને જાણવો

ધનાર્થી પુરુષની જેમ મોક્ષાર્થી પુરુષે—મોક્ષાર્થી પુરુષ એટલે?—કે અનંત અનંત સુખની પ્રાપ્તિ અને અનંત દુઃખના વ્યયનો અર્થી. પરમ આનંદના લાભનો અર્થી પુરુષ કે જે જગતની આબરૂ, કીર્તિ, પૈસા કે સ્વર્ગનો અર્થી નથી તે મોક્ષાર્થી છે. જે એકમાત્ર પૂર્ણાનંદની પ્રાપ્તિ અને રાગ-દ્વેષના દુઃખના વ્યયનો અર્થી છે તે મોક્ષાર્થી છે. એવા મોક્ષાર્થીએ શું કરવું?— પહેલાં તો આત્માને જાણવો જોઈએ. અનંત અનંત ચૈતન્યરત્નાકર ભગવાન કે જેમાં નિમિત્તનો તો અભાવ, રાગાદિનો તો અભાવ, પણ વર્તમાન પર્યાયનો પણ અભાવ છે એવા સ્વયંભૂ આત્માને જાણવો જોઈએ. પોતાની જ્ઞાનની પર્યાયમાં આત્માને પ્રથમ તો જ્ઞેય બનાવીને જાણવો જોઈએ. એ સિવાય અનંતવાર મુનિવ્રત ધારણ કર્યા પણ કાંઈક બાકી રહી ગયું. શું બાકી રહી ગયું?—કે પોતાના આત્માને જાણવો બાકી રહી ગયો. જાણનારને જાણ્યો નહીં ને જાણનારે પરને જાણ્યા.

તેથી અહીં કહે છે કે પહેલાંમાં પહેલો આત્માને જાણવો. પહેલાં દયા-દાન-વ્રત-તપ આદિ કરવા એમ ન કહ્યું, કેમ કે એ તો અનંતવાર કર્યું પરંતુ લેશમાત્ર સુખ પામ્યો નહીં. તેથી કહે છે કે પ્રથમમાં પ્રથમ આત્માને જાણવો. ભલે કઠણ લાગે પણ અશક્ય નથી, કેમ

કે એ પોતાની ચીજ છે. આબાળ-ગોપાળ એટલે કે સર્વ જીવને સદાય પોતાની પર્યાયમાં આત્મા જણાય છે, કેમ કે સ્વ-પરપ્રકાશક સ્વભાવ છે. તેથી અજ્ઞાનીની પર્યાયમાં સ્વ જણાય તો છે પરંતુ રાગને વશ થઈને તેની દૃષ્ટિ પર તરફ હોવાથી તેને સ્વ જણાતો નથી.

અનંત કાળમાં મહાવ્રતાદિ દ્રવ્યલિંગ તો અનંતવાર પાળ્યા પરંતુ આત્માને જાણ્યો નહીં તેથી આચાર્ય મહારાજ કહે છે કે '**प्रथममेवात्मा ज्ञातव्यः**' અર્થાત્ સૌ પ્રથમ આત્માને જાણવો જોઈએ. અનાદિથી પર્યાયમાં આત્મા જણાતો હોવા છતાં તે તરફ દૃષ્ટિ કરી નથી તેથી આત્મા જણાયો નથી માટે હવે તો પહેલાંમાં પહેલો આત્માને જાણ. વિકલ્પ ઊઠે છે, રાગ ઊઠે છે તેનાથી ભિન્ન આત્માને પર્યાયમાં જાણવો. જ્ઞાનની પર્યાય તો અનિત્ય છે, અવસ્થા છે પણ તેમાં જાણવો કોને?–કે ધ્રુવ આત્માને જ્ઞાનની વર્તમાન પર્યાયમાં પ્રથમમાં પ્રથમ જાણવો.

ભાઈ! તારા હિતની આ વાત છે. મોંઘી લાગે, અઘરી લાગે પણ અશક્ય નથી. તારી ચીજ છે....છે....છે.....તેને જાણવી છે માટે અશક્ય નથી. તેથી હવે પહેલાંમાં પહેલો આત્માને જાણ. જાણીને શું કરવું?—કે જે આત્મા જણાયો તેની પ્રતીતિ કરવી, કેમ કે જાણ્યા વિના પ્રતીતિ કોની કરે?—માટે પ્રથમ આત્માને જાણીને તેની શ્રદ્ધા કરવી. વસ્તુ જ્ઞાનમાં આવી ન હોય ત્યાં સુધી શ્રદ્ધા કોની કરશે?—માટે પ્રથમ ચિદાનંદ મહાપ્રભુ પરમાત્મસ્વરૂપ આત્મા છે એમ આત્માને જાણીને તેનું શ્રદ્ધાન કરો કે આ આત્માનું આચરણ કરવાથી સકળ કર્મોનો નાશ થશે, સ્વરૂપમાં રમણ કરવાથી કર્મ છૂટશે એમ શ્રદ્ધા કરો.

ધનનો અર્થી હોય તે આ રાજા છે એમ જાણીને રાજાપણાની પ્રતીતિ કરીને તેની સેવા કરે, તેમ આ આત્મા જીવરાજા છે, ભગવાન આત્મા શરીરથી ભિન્ન, કર્મથી ભિન્ન તથા પુણ્ય-પાપના ભાવથી પણ ભિન્ન અનંત જ્ઞાન ને અનંત આનંદનો સ્વામી આત્મા છે, તે આત્માને મોક્ષાર્થી જીવે પ્રથમ જાણવો. પ્રથમ શું કરવું?—એમ ઘણા પ્રશ્ન કરે છે ને! તેને કહે છે કે પ્રથમમાં પ્રથમ જે સકળ નિરાવરણ અખંડ એક પ્રત્યક્ષપ્રતિભાસમય વસ્તુ છે તેને જાણવી. પોતાની જ્ઞાનપર્યાયમાં જેવી એક ચીજ છે એવો પ્રત્યક્ષ પ્રતિભાસ કરવો. આ એક જે કરવાનું છે તે અનંત કાળમાં કર્યું નથી.

વસ્તુ જે છે તે પૂરણ નિરાવરણ છે, શુદ્ધ ધ્રુવ નિત્યાનંદપ્રભુ એકરૂપ છે. તેના તરફ ઝૂકવાથી જ્ઞાનની પર્યાયમાં વસ્તુ છે તેનો પ્રત્યક્ષ પ્રતિભાસ થાય છે. જે સદા

અવિનશ્વર ધ્રુવ સ્વયં પરમાત્મા છે કે જેનું પરમલક્ષણ પરમપારિણામિકસ્વભાવ ભાવ છે તેની દૃષ્ટિ કરવી એ કરવાનું છે, એ સિવાય અનંતવાર શુભભાવ કર્યા પણ તેનાથી જન્મ-મરણનો અંત આવ્યો નહીં.

પરમપારિણામિકભાવલક્ષણ જે પરમાત્મા તે હું છું, તેની દૃષ્ટિ કરવાથી જન્મ-મરણનો અંત આવશે. શું કરવું?—કે નિજપરમાત્મા છે ત્યાં દૃષ્ટિ કરવી. પરવસ્તુ, રાગ અને પર્યાયની દૃષ્ટિ છે તે બહિર્મુખ દૃષ્ટિ છે. જે ત્રિકાળી વસ્તુમાં નથી તેને પોતાની માનવી તે બહિર્દૃષ્ટિ છે. પ્રભુ! તું કોણ છો એ તને ખબર નથી. તેથી અહીં કહે છે કે જેને ધર્મ કરવો હોય, કલ્યાણના પંથે આવવું હોય, તેને પહેલાંમાં પહેલો આત્માને જાણવો. મંદિર, પ્રતિષ્ઠામહોત્સવ આદિ શુભભાવ હોય, પણ તે સાધન નથી. પ્રજ્ઞાછીણી એ સાધન છે. કેમ કે સકલ નિરાવરણ આત્મવસ્તુ અને રાગ એ બે વચ્ચે સંધિ છે, નિઃસંધિ થયા નથી, તેથી ત્યાં સાવધાનીપૂર્વક પ્રજ્ઞાછીણી પટકવાથી બે ભિન્ન પડી જાય છે.

પ્રભુ! તું ક્યાં છો તેની તને ખબર નથી. બહારમાં ખોવાઈ ગયો છો. જ્યાં છો ત્યાં આવ્યો નહીં ને જ્યાં તું નથી ત્યાં આકર્ષાઈ ગયો. પૈસાદિ બાહ્યચીજમાં વિસ્મય પામ્યો પણ જેનું વર્ણન કેવળી પરમાત્મા પણ પૂરું ન કરી શક્યા એવા ભગવાન સ્વરૂપ નિજ પરમાત્માની તને વિસ્મયતા ન આવી, મહિમા ન આવી અને પૈસા-પુત્ર આબરૂ આદિમાં આકર્ષાઈ ગયો. બાપુ! તને આ ભૂતાવળ ક્યાંથી લાગી? તેથી કરુણાથી સંતો કહે છે કે ભાઈ! તારે કલ્યાણ કરવું હોય તો પ્રથમમાં પ્રથમ આત્માને જાણ. એક સમયની શુભાશુભભાવની પર્યાય એ તો વિકૃતભાવ છે ને ભગવાન આત્મા અવિકૃતસ્વરૂપ છે. દૃષ્ટિને અંદરમાં લઈ જવી, જ્યાં ભગવાન આત્મા છે ત્યાં જવું. જેમ રાત્રે સૂતી વખતે જુવે કે એક દિકરીની પથારી હજી ખાલી છે તો કેમ નથી આવી? ૦।।-૧ કલાક દિકરી મોડી આવે ત્યાં તેને શોધવા ગોતાગોત કરવા લાગી જાય, તો ભાઈ! આ તારા આત્માને શોધવા કેમ પ્રયત્ન કરતો નથી?

## સાધ્ય આત્માની સિદ્ધિની વિધિ

પહેલાં જ્ઞાનમાં ચૈતન્યપૂર્ણાનંદના નાથને જાણવો, જાણીને તેની શ્રદ્ધા કરવી. જાણ્યા વિના શ્રદ્ધા શેની કરશે? માટે પ્રથમ આત્માને જાણવો જોઈએ અને પછી તેની શ્રદ્ધા કરવી જોઈએ. જ્ઞાનમાં જાણવામાં આવ્યો કે 'આ આત્મા' પછી તેની શ્રદ્ધા કરવી કે આ પૂર્ણાનંદ, જ્ઞાનસ્વરૂપ, નિત્યધ્રુવ, આદિ-અંત રહિત પ્રભુ તે જ આત્મા છે. જાણ્યા

વિનાની શ્રદ્ધા તો સસલાના શીંગની સમાન છે, માટે પ્રથમ આત્માને જાણીને પછી તેની શ્રદ્ધા કરવી.

જેમ સર્પને પકડવાના સાણસાથી મોતી ન પકડાય, સોનીની સમાણીથી મોતી પકડાય, તેમ સ્થૂળ ઉપયોગથી એટલે કે શુભાશુભ ભાવોથી આત્મા જણાય એવો નથી પણ અંતરંગમાં સૂક્ષ્મ ઉપયોગ વડે આત્મા જણાય એવો છે. એ રીતે આત્માને જાણીને શ્રદ્ધા કરવી કે આ આત્મા છે, તેના આચરણ વડે એટલે કે તેની એકાગ્રતાથી કર્મોથી છૂટવું થશે, શ્રદ્ધામાં એમ નથી આવતું કે વ્યવહારરત્નત્રયથી કર્મોથી છૂટાશે પરંતુ શ્રદ્ધામાં એમ આવે છે કે આત્મા આનંદસ્વરૂપ ધ્રુવ ચૈતન્ય છે તેમાં રમણ કરવાથી કર્મોથી છૂટવું થશે.

આત્મા જ્ઞાન ને આનંદ સ્વરૂપ છે. તેનું આચરણ તે આત્મ-આચરણ છે. આનંદકંદ સ્વરૂપમાં રમવું, અતીન્દ્રિય આનંદનું વિશેષ ભોજન કરવું તે આત્મ-આચરણ છે. ભગવાન અમૃતનો સાગર છે, તેનું આચરણ કરીશ તો કર્મોથી છૂટીશ એમ શ્રદ્ધામાં આવે છે. પ્રથમ જ્ઞાનમાં પણ 'આ માર્ગ છે, આ વિધિ છે' તે ખ્યાલમાં તો લે! થોડું પણ સત્ય સમજ તો ખરો!

અતીન્દ્રિય આનંદનો સાગર પ્રભુ છે, તેમાં અનુભવ વડે લીન થવું જોઈએ. સાધ્ય અથાત્ કર્મ વિનાની જે મોક્ષ અવસ્થા તેની પ્રાપ્તિ—અભેદ શુદ્ધ સ્વરૂપની પ્રાપ્તિની આ રીત છે, એ સિવાય સાધ્યની સિદ્ધિ નથી, બીજી રીતે મુક્તિ થતી નથી. અંતરમાં આત્માના શ્રદ્ધા-જ્ઞાન ને આચરણથી મુક્તિ થાય છે, એ સિવાય વ્યવહારરત્નત્રય આદિથી મુક્તિ થતી નથી.

સાધ્યની સિદ્ધિ આ રીતે જ છે, બીજી રીતે નથી—એમ કહીને બહુ ખુલાશા કરી નાખ્યા છે. ધર્મીને અંતરમાં એકાગ્રતા નહીં રહેતા વ્યવહારરત્નત્રયનો વિકલ્પ આવે છે ખરો પણ એ બંધનું કારણ છે, તેનાથી સ્વર્ગ આદિ મળશે પણ તેનાથી મુક્તિની પ્રાપ્તિ થશે નહીં.

એ રીતે પહેલાં સામાન્ય વાત કરીને હવે આત્માની પ્રાપ્તિ કેમ થાય? તેની વિધિ ને રીત શું?—એ વાત વિશેષરૂપે સમજાવે છે :

આત્માને પુણ્ય-પાપ આદિ અનુભવમાં આવવાથી અનેકરૂપ પર્યાયની સાથે મિશ્રિતપણે આત્મા અનુભવમાં આવી રહ્યો છે. રાગની વિકલ્પવૃત્તિ અને ભગવાન આત્મા એ બે અનાદિથી મિશ્રિતપણે અનુભવાઈ રહ્યા છે. તેથી હવે શું કરવું?—કે રાગ બંધલક્ષણ

છે ને આત્મા અબંધસ્વરૂપ છે એમ ભિન્ન ભિન્ન લક્ષણ વડે સર્વપ્રકારે ભેદજ્ઞાનથી ‘આ આત્મા છે તે જ હું છું’—એમ અનુભવ કરવાથી મોક્ષમાર્ગની પ્રથમ શરૂઆત થાય છે.

આ આત્માને અનાદિકાળથી પુણ્ય-પાપનો મિશ્રિત અનુભવ આવી રહ્યો છે. મિશ્રિત એટલે? થોડો રાગનો ને થોડો આનંદનો અનુભવ એમ નહીં, પણ ભગવાન અભેદ સ્વરૂપ હોવા છતાં તેની દશામાં પુણ્ય-પાપના અસંખ્ય પ્રકાર અનુભવાય છે. ભગવાન આત્માની દશામાં પુણ્ય અને પાપરૂપી ભેદભાવ અનુભવાય છે, તેથી અતીન્દ્રિય આનંદનો પર્યાયમાં અનાદિથી અભાવ છે. ચાહે તો અશુભરાગ હો કે ચાહે શુભરાગ હો, બન્ને કષાય અગ્નિ છે.

ભગવાન અતીન્દ્રિય આનંદનો નાથ છે તેની મૌજુદગી નહીં સ્વીકારીને જે પુણ્ય-પાપનો વિકૃતભાવ છે તેને સ્વીકારે છે તેને રાગાદિ ઉપાદેય ને આત્મા હેય થયો છે, બીજી રીતે કહીયે તો તે મરણતુલ્ય થઈ રહ્યો છે. બહારના પ્રેમમાં અંતરની ચીજ ઢંકાઈ ગઈ છે. પ્રભુ! તું અંતરમાં તો સકલ નિરાવરણ પરમાત્મા છો, દ્રવ્યથી તો અંશે પણ તને આવરણ નથી છતાં રાગાદિના પ્રેમથી ભગવાન આત્મા ઢંકાઈ જવાથી મરણતુલ્ય થઈ રહ્યો છે.

ભગવાન આત્મા આનંદનો નાથ મૌજુદ હોવા છતાં પોતાની પર્યાયમાં રાગાદિનું મિશ્રિતપણું અજ્ઞાની અનુભવે છે. રાગ ને પુણ્ય-પાપનો વિકાર એ ભેદભાવ છે, તેને સ્વભાવની સાથે એકરૂપ માને છે તેથી મિશ્રપણું પર્યાયમાં છે, તોપણ સર્વપ્રકારે ભેદજ્ઞાનની પ્રવીણતાથી પુણ્ય-પાપથી ભિન્નતા થાય છે. ભગવાન આત્મામાં અતીન્દ્રિય-આનંદ અતીન્દ્રિય શાંતિ આદિના અનંતા ઓરડા ભર્યા છે, છતાં પાપ અને પુણ્યભાવને પોતાના માને છે તે અમૃત સાથે ઝેરને એટલે કે તે ઝેરને જ પીવે છે.

પહેલાંમાં પહેલી ક્રિયા શું?—કે સર્વપ્રકારે ભેદજ્ઞાનમાં પ્રવીણતા કરવી તે પ્રથમ ક્રિયા છે. દ્રવ્ય તો ત્રિકાળ નિરાવરણ છે પણ વર્તમાન પર્યાયમાં રાગાદિને મિશ્રિત કર્યા છે, તોપણ ભેદજ્ઞાનની પ્રવીણતાથી, રાગની દશાની દિશા પર તરફ છે અને જ્ઞાનની દશાની દિશા સ્વ તરફ છે એમ બે વચ્ચે પ્રજ્ઞાછીણી મારવાથી ભિન્નતા અનુભવી શકાય છે.

એ રીતે સર્વ પ્રકારથી ભેદજ્ઞાનની પ્રવીણતાથી શું થાય છે?—કે ‘આ અનુભૂતિ છે તે જ હું છું’ પણ વ્યવહારરત્નત્રયનો રાગ છે તે હું નથી એમ આત્મજ્ઞાન થાય છે. જ્ઞાનલક્ષણથી લક્ષિત ચૈતન્યસ્વભાવનો અનુભ થતાં ‘આ અનુભૂતિ તે જ હું છું’—એમ

સમ્યક્ જ્ઞાન થાય છે. રાગ તે હું નથી એમ અહીં ન કહેતાં આ અનુભૂતિ તે જ હું છું એમ કહ્યું : કેમ કે અનુભવ થતાં રાગ જુદો પડી જાય છે એટલે જુદો છે તે હું નથી એમ ન કહેતા જે અનુભૂતિ થઈ તે જ હું છું એમ કહ્યું.

એકવાર સાંભળ તો ખરો! આ મનુષ્યભવ મળ્યો છે તે ભવના અભાવ માટે મળ્યો છે, પૈસા કમાવા માટે આ ભવ મળ્યો નથી. તેથી મૃત્યુ પહેલાં આત્મકલ્યાણનું આ કાર્ય કરી લે ને બાપુ! અનંતકાળ ગયો, જન્મ-મરણની બેડી તૂટી નહીં, તેથી બેડી તોડવાની વિધિ-રીત ઉપાય બતાવે છે.

અનુભૂતિ થઈ તે જ હું છું એમ આત્મજ્ઞાન થયું. આત્મજ્ઞાન એટલે? પર્યાયનું જ્ઞાન કે ભેદનું જ્ઞાન એમ નહીં પણ ધ્રુવ ચૈતન્યસ્વભાવી આત્માનું જ્ઞાન. રાગથી ભિન્ન છું એવી અનુભૂતિ વડે આત્મજ્ઞાનથી આત્મા પ્રાપ્ત થાય છે. આત્મજ્ઞાનવડે આત્મા પ્રાપ્ત થાય છે પણ કોઈ વ્યવહારરત્નત્રયથી આત્મા પ્રાપ્ત થતો નથી.

આત્મજ્ઞાનવડે પ્રાપ્ત થયેલા આ આત્માને જ્ઞાનમાં જેવો જાણ્યો છે તેવો જ આત્મા છે એવી પ્રતીતિથી સમ્યગ્દર્શન ઉત્પન્ન થાય છે. સમ્યગ્દર્શનનું લક્ષણ શું કહ્યું?—કે ભેદજ્ઞાનની પ્રવીણતાથી આત્મજ્ઞાનવડે આત્માને જેવો છે તેવો જ પ્રતીતિમાં લેવો તે સમ્યગ્દર્શનનું લક્ષણ છે. જ્ઞાનમાં પૂર્ણાનંદ અભેદ અખંડ આત્માનું જ્ઞાન થતાં જેવો આત્મા જાણ્યો એવી જ પ્રતીતિ થતાં સમ્યક્ શ્રદ્ધાન ઉદ્યોત થાય છે. જ્ઞાનમાં આત્મા જાણવામાં આવ્યા વિના શ્રદ્ધા કોની કરશે? જાણ્યા વિનાની શ્રદ્ધા તો સસલાના શીંગડા સમાન છે. સસલાને શીંગડા હોતા નથી તો તેની શ્રદ્ધા કેવી?—તેથી અહીં જ્ઞાન ઉપર જોર આપ્યું છે કે જાણનારને પ્રથમ જાણ્યો ને જેવો જાણ્યો તેવી પ્રતીતિ થઈ તે સમ્યગ્દર્શન છે. સમ્યગ્જ્ઞાન કારણ ને સમ્યગ્દર્શન કાર્ય એવી શૈલીથી અહીં વાત લીધી છે, કેમ કે સમ્યગ્જ્ઞાન વિના શ્રદ્ધા શી રીતે કરશે?

જેણે જન્મ-મરણનો નાશ કરવો હોય, તેણે પ્રથમમાં પ્રથમ આત્મજ્ઞાન કરવું જોઈએ. પરમાત્મા ઇન્દ્ર ને ગણધરની સભામાં જે વાત કરતા હતા તેને સંતો આડતીયા— એજન્ટ તરીકે જગતને એ જ વાત કરે છે કે પ્રભુ! એકવાર સાંભળ તો ખરો કે પુણ્ય-પાપના ભાવ તો અનંતવાર કર્યાં. અરે! પાપભાવના ફળમાં અનંતભવ નરકના કર્યા ને તેના કરતાં અસંખ્યગુણા ભવ પુણ્યના ફળથી સ્વર્ગના કર્યા પણ એ પુણ્યભાવથી ભવનો અંત ન આવ્યો. તેથી ભવના અંત માટે પ્રથમમાં પ્રથમ આત્મા આનંદસ્વરૂપ છે તેને

પુણ્ય-પાપની અવસ્થાથી ભિન્ન જાણવો, અનુભવવો. પર્યાયમાં વિકારનો મિશ્રિત અનુભવ છે તેને છોડી દે. વિકલ્પ સાથેની અનાદિની એકત્વબુદ્ધિ છે તેને છોડી દે.

શરીર તો જડ અચેતન છે જ, પુણ્ય—પાપના રાગ અચેતન છે, કેમકે તેનામાં ચેતનનો અંશ નથી તેથી તેનાથી ભિન્ન આત્માનું જ્ઞાન કરવું. વિકલ્પનું જ્ઞાન કરવું કે એક સમયની પર્યાયનું જ્ઞાન કરવું એમ નથી કહ્યું પણ અનંત અનંત ગુણનો પિંડ પ્રભુ આત્મા છે તેનું જ્ઞાન કરવું—આત્મજ્ઞાન કરવું એમ કહ્યું છે. આકાશના પ્રદેશની સંખ્યા અનંત છે, તેના કરતાં અનંતગુણા ગુણ એક આત્મામાં છે. એવા ભગવાન આત્માનું આત્મજ્ઞાન એકવાર પણ કર્યું નથી, બાકી તો દયા-દાન-વ્રતાદિ અનંતવાર કર્યાં. તેથી કહે છે કે હવે પ્રથમમાં પ્રથમ રાગથી ભેદજ્ઞાન કરીને પોતાના આત્માના સ્વભાવનું જ્ઞાન કરવું અને જ્ઞાનમાં આત્માને જેવો જાણ્યો એવી પ્રતીતિ કરવી તે સમ્યગ્દર્શન છે. એ પ્રતીતિમાં શું આવ્યું?—કે આ આત્મા છે તે સમસ્ત રાગાદિથી ભિન્ન છે અને ત્યાર પછી તેમાં નિઃશંકપણે સ્થિર થવાને સમર્થ થાય છે તે સમ્યક્ચારિત્ર છે—એ રીતે સાધ્ય આત્માની સિદ્ધિ થાય છે.

## આબાળગોપાળ સૌને સદાકાળ ભગવાન આત્મા પોતે જ અનુભવમાં આવે છે.

હવે વિશેષ કહે છે કે બાળકથી માંડીને વૃદ્ધને એટલે કે અજ્ઞાનીને સદા સ્વયં અનુભૂતિસ્વરૂપ ભગવાન આત્મા જ અનુભવમાં આવે છે. વર્તમાન જ્ઞાનની જે વર્તમાન અવસ્થા છે, અજ્ઞાનીને પણ વિકાસરૂપ જે ભાવેન્દ્રિયની ખંડખંડ જ્ઞાનરૂપ પર્યાય છે તેમાં આત્મા જ અનુભવમાં આવે છે, કેમ કે તે પર્યાયમાં સ્વપરપ્રકાશક તાકાત છે, તેથી તેમાં સ્વજ્ઞેય જ જાણવામાં આવે છે. બાળકથી માંડીને વૃદ્ધને સર્વને, જ્ઞાનની વર્તમાન પર્યાયનો સ્વભાવ સ્વ-પરપ્રકાશક હોવાથી, અજ્ઞાનીને પણ આત્મા જ અનુભવમાં આવે છે.

અજ્ઞાનીને પણ તેની જ્ઞાનની પર્યાયમાં આત્મા જ અનુભવમાં આવે છે. અનુભૂતિ સ્વરૂપ ભગવાન આત્મા આબાળગોપાળ સર્વને સદાકાળ સ્વયં અનુભવમાં આવે છે. પર્યાયમાં આત્મા જ ખ્યાલમાં આવે છે. પરમાત્મા ફરમાવે છે કે પ્રભુ! તારા જ્ઞાનની પર્યાયમાં સદાય સ્વયં આત્મા પોતે જ અનુભવમાં આવે છે. જ્ઞાનની પ્રગટદશામાં સર્વને ભગવાન આત્મા અનુભવમાં આવે છે.

વર્તમાન જ્ઞાનના પ્રગટ અંશમાં સર્વને સદાકાળ આત્મા જ અનુભવમાં આવે છે.

એમ હોવા છતાં જ્ઞાનમાં એકલું પરપ્રકાશકપણું છે તે એકાંત છે. પર્યાયમાં અનુભૂતિસ્વરૂપ આત્મા જણાવા છતા કેમ ભૂલ કરે છે? સર્વના અનુભવમાં—અલ્પજ્ઞ પર્યાયમાં સ્વયં આત્મા જ જણાય છે, કેમ કે જ્ઞાનની પર્યાયનો સ્વભાવ જ સ્વ-પરપ્રકાશક છે, તો પછી ભૂલ કેમ થઈ?—કે અનાદિ રાગને વશ થઈને, પર્યાયમાં જ્ઞાયકસ્વરૂપ જણાય છે એમ દૃષ્ટિ ન કરતાં, રાગને જાણું છું તે હું છું એમ રાગ સાથે એકતાબુદ્ધિથી અપરાધ કરે છે.

જ્ઞાનની પર્યાયમાં જાણનાર જણાય છે છતાં તેને જાણતો નથી ને પરજ્ઞેયો જણાય છે તેને પોતાના માને છે કે રાગ તે હું છું,—એવી એકત્વબુદ્ધિ કરે છે તે ભૂલ છે, તે મહા અપરાધ છે. અનંત જ્ઞાન આનંદ આદિનો દરબાર છે તેને જાણતો નથી ને પુણ્ય-પાપના રાગાદિને પોતાના જાણે છે તે મહા અપરાધ છે, તે નાનો ગુન્હેગાર નથી પણ મહા ગુન્હેગાર છે.

સર્વજ્ઞે જેવી ચીજ દેખી તે તારી પર્યાયમાં જણાય છે, છતાં ભૂલ કેમ થઈ?—કે અનાદિ બંધને વશ થઈને રાગ સાથે એકત્વબુદ્ધિમાં પડ્યો છે તેથી ભગવાન આત્મા ઉપર દૃષ્ટિ નથી ને રાગ ઉપર તારી નજર હોવાથી જાણવામાં આવવા છતાં પણ આત્મવસ્તુ તને જણાતી નથી. તારી નજરમાં તને તું આવે છે છતાં તારી નજર ત્યાં નથી ને રાગાદિ પરદ્રવ્યો સાથે એકત્વ કરે છો તેથી તેને આત્મા જણાતો નથી. અજ્ઞાનીને રાગની એકતાને લીધે 'જે આ અનુભૂતિ છે તે હું છું' એવું આત્મજ્ઞાન થતું નથી.

આચાર્ય મહારાજ તો ભગવાન કહીને બોલાવે છે. કહે છે કે અનુભૂતિસ્વરૂપ ભગવાન આત્મા અનુભવમાં આવવા છતાં પણ તું તેને દેખતો નથી. કેમ?—કે પર્યાયબુદ્ધિને વશ થઈ જવાથી, પરદ્રવ્યોની સાથે એકત્વબુદ્ધિથી, સ્વદ્રવ્યને દેખી શકતો નથી. પ્રભુ! અંદર આનંદરસની શેરડીની કાતળી છે અને પુણ્ય-પાપના કુચામાં એકત્વબુદ્ધિથી રાગાદિ જણાય છે તે હું છું એમ અજ્ઞાની માને છે તે બહિરાત્મા મૂઢ છે. મૂઢ અજ્ઞાની જીવ જ્ઞાનની જાણવાની દશામાં 'આ આત્મા છું' એમ નહીં માનતા રાગાદિ હું છું એમ માને છે.

જેમ મદારીનું એક દોરીવાળું ડમરું હોય છે તે જે બાજુ વગાડે તે બાજુ વાગે, તેમ રાગ બાજુ વાળે ને કાં તો આત્મા બાજુ વાળે—એ તેના હાથની વાત છે. ગુરુ ને શાસ્ત્ર તો દિશા બતાવે કે રાગાદિ તું નથી તેથી ત્યાંથી દૃષ્ટિ હટાવ ને ધ્રુવમાં દૃષ્ટિ લગાવ, કેમ કે સ્થિર વસ્તુમાં દૃષ્ટિ સ્થિર થઈ શકશે, અસ્થિર વસ્તુમાં દૃષ્ટિ સ્થિર ન થઈ શકે. ધ્રુવ

સ્થિર વસ્તુ છે, તે પોતાના પરિણામમાં પણ આવતી નથી. તેથી તેના ઉપર દૃષ્ટિ દેવાથી દૃષ્ટિ સ્થિર થાય છે એટલે કે સમ્યગ્દર્શન થાય.—એમ શાસ્ત્ર–ગુરુ દિશા દેખાડે પણ કરવાનું તો એણે પોતે છે. એ સિવાય જન્મ-મરણના અંત નહીં આવે બાપુ!

પૂર્ણાનંદ પ્રભુનું જ્ઞાનની પર્યાયમાં જ્ઞાન ન આવે–ન થાય ત્યાં સુધી શ્રદ્ધા કોની કરે? જે ચીજ જાણવામાં ન આવી તેની શ્રદ્ધા કેવી? એ શ્રદ્ધા તો ગધેડાના શીંગડા સમાન છે. તેથી જ્ઞાનમાં જે ચીજનું ભાસન થયું નથી તે ચીજનું શ્રદ્ધાન શી રીતે કરવું? જે ચીજ—ભગવાન—પર્યાયમાં આવી નહીં એટલે કે ભગવાનનું જ્ઞાન પર્યાયમાં આવ્યું નહીં તો ભગવાનની શ્રદ્ધા કેવી રીતે થાય? જ્ઞાનમાં ભગવાન આત્મા જેવો છે તેવું ભાસન થયું નહીં તેથી ભગવાનની શ્રદ્ધા ઉદ્યોત થતી નથી અને તેથી તેમાં સ્થિરતા પણ થતી નથી. જ્યાં સુધી જ્ઞાનમાં આત્મા ન આવ્યો ત્યાંસુધી તેની શ્રદ્ધા ન થઈ તેથી ત્યાંસુધી અન્ય સમસ્ત ભાવોથી ખસીને ઠરવાની અસમર્થતા છે, માટે આત્મ-આચરણ ઉદિત થતું નથી, તેથી સાધ્ય આત્માની સિદ્ધિ થતી નથી.

સાધ્ય આત્માની સિદ્ધિ એટલે કે પૂર્ણાનંદની પ્રાપ્તિરૂપ મોક્ષની સિદ્ધિ નિશ્ચયદર્શન-જ્ઞાન-ચારિત્રથી જ છે, વ્યવહારરત્નત્રયથી તેની સિદ્ધિ નથી–તેનું નામ અનેકાંત છે. નિશ્ચયથી સાધ્યની સિદ્ધિ છે અને વ્યવહારથી સાધ્યની સિદ્ધિ નથી તે અનેકાન્ત છે. આત્માના અનુભવથી જ અર્થાત્ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રથી જ સિદ્ધિ છે. દર્શન-જ્ઞાન-ચારિત્ર એ તો ભેદ પાડીને લોકોને સમજાવ્યું છે, કેમ કે લોકો ભેદથી સમજે છે પણ ખરેખર તો આત્માથી જ સિદ્ધિ થાય છે, એ સિવાય વ્યવહારની ક્રિયાકાંડથી સિદ્ધિ થતી નથી.

પદ્મનંદિ આચાર્ય મહારાજ બ્રહ્મચર્યનું કડક વર્ણન કરીને યુવાનોને અમારી વાત ન ગોઠે તો માફ કરજો કેમ કે હું તો મુનિ છું, મારી પાસે બીજી શું અપેક્ષા રાખશે? તેમ અમે મોક્ષના અર્થી છીએ, તેથી મોક્ષના માર્ગની વાત કરીએ છીએ, કોઈને ન રુચે તો માફ કરજો.

અહીં કહે છે કે જ્ઞાનની પર્યાયમાં વસ્તુ જેવી છે તેવો પ્રત્યક્ષપ્રતિભાસ પ્રથમ આવે, પછી આત્મા જેવો જાણ્યો તે હું છું એમ પ્રતીતિરૂપ શ્રદ્ધાન થાય અને પછી તેમાં—પોતાનામાં સ્થિર થાય ત્યારે સાધ્યની સિદ્ધિ થાય છે.

(અનુસંધાન ટાઈટલ - ૨થી ચાલુ)

હોય તોપણ તેને જાણવાની સામર્થ્યવાળી એ પર્યાય છે એ શું બતાવે છે?—કે વસ્તુ ચમત્કારી સ્વભાવવાળી છે.

વસ્તુ જ એવી ચમત્કારીક જાદુગરી છે કે તેના ગુણોમાંથી દરેક સમયે પર્યાય પ્રગટ્યાં જ કરે છતાં પણ તે ગુણમાં વધઘટ ન થાય, એવા ને એવા કાયમ રહે, એ વસ્તુનો ચમત્કાર છે. વિકારી પર્યાય દ્રવ્યમાં સમાય છતાં દ્રવ્યમાં વિકારરૂપ ન રહે એ વસ્તુનો ચમત્કાર છે. એક સૂક્ષ્મ પરમાણુ છતાં તેના અનંતા ગુણોની એક સમયમાં અનંત પર્યાય! એ કેટલી અનંત?—કે ત્રણ કાળના સમય કરતાં અનંતગુણી.

આકાશના એક પ્રદેશે અનંત નિગોદના જીવના પ્રદેશ આવે (આખો જીવ ન આવે), અનંત પરમાણુના પ્રદેશ આવે, છતાં એક-બીજાને અડે નહીં કે ભળી ન જાય એ વસ્તુનો ચમત્કારી સ્વભાવ છે. ત્રણ લોકમાં રહેલાં અનંત પરમાણુ જો સૂક્ષ્મરૂપ ધારે તો આકાશના એક પ્રદેશમાં રહી શકે અને તે બધા અનંતા પરમાણુ જો સ્થૂળરૂપ ધારે તો ત્રણ લોકમાં પણ સમાઈ શકે નહીં. એક પરમાણુ તીવ્રગતિથી ગમન કરે તો એક સમયે ૧૪ રાજુ એટલે કે સાતમી નરકથી સિદ્ધલોક સુધી ગમન કરી શકે ને મંદગતિથી ગમન કરે તો એક સમયમાં આકાશના એક પ્રદેશથી બીજા પ્રદેશ સુધી ગમન કરે—આવા ચમત્કારી સ્વભાવવાળા દ્રવ્યો છે.

છએ દ્રવ્યો ચમત્કારીક સ્વભાવવાળા છે. અનંત પ્રદેશી એક આકાશમાં જેટલા અનંતા ગુણો છે તેટલાં જ અનંત ગુણો એક પ્રદેશી સૂક્ષ્મ પરમાણુમાં ને કાળાણુમાં છે, એ પદાર્થના પોતાના સ્વભાવની ચમત્કારીકતા છે પણ એના ચમત્કારની એને ખબર નથી. એ બધાના ચમત્કારી સ્વભાવને જાણનાર જીવ છે, એ જાણનાર જીવસ્વભાવના ચમત્કારનું શું કહેવું? વસ્તુ-દ્રવ્ય અક્ષય અમેય છે, એને જાણનાર શ્રદ્ધા-જ્ઞાનની પર્યાય પણ અક્ષય અમેય છે. આહાહા! શું એની ગંભીરતા! એની ઊંડપનું શું કહેવું?

અરે! આવી ચમત્કારી સ્વભાવની વાત સ્વના લક્ષે સાંભળે તો મિથ્યાત્વના ભૂકા ઊડી જાય એવી આ વાત છે.

❀

## સુવર્ણપુરી સમાચાર :—

અધ્યાત્મતીર્થ શ્રી સુવર્ણપુરીનું ધાર્મિક વાતાવરણ અનંત ઉપકારમૂર્તિ પરમ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી તેમજ તેમનાં પરમ ભક્ત પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના કલ્યાણવર્ષી પુણ્ય-પ્રતાપે, આદરણીય પં. શ્રી હિંમતલાલભાઈ જે. શાહની જ્ઞાન-વૈરાગ્ય-ભક્તિભીની શુભાશિષથી, અધ્યાત્મજ્ઞાનના પાવનગુંજારવથી સદાય પ્રફુલ્લિત રહે છે. તેમ જ ધાર્મિક કાર્યક્રમ પ્રતિદિન નિયમિત ચાલી રહ્યો છે :—

❀ **પૂજ્ય બહેનશ્રીનો જાતિસ્મરણજ્ઞાન પ્રાપ્તિ દિવસ :** ચૈત્ર વદ-૮, તા. ૬-૪-૨૦૧૦ ને મંગળવારના રોજ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનનો જાતિસ્મરણ પ્રાપ્તિ દિવસ વિશેષ પૂજા-ભક્તિ સહ ઊજવવામાં આવ્યો હતો.

❀ **પૂજ્ય બહેનશ્રીની પંચાહ્નિક ઉપકાર-સ્મૃતિ :** ઉપકારમૂર્તિ સ્વાનુભવવિભૂષિત ભગવતી પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની વીસમી સાંવત્સરિક ઉપકાર-સ્મૃતિતિથિ (સમાધિતિથિ), તા. ૨૬-૫-૨૦૧૦ બુધવાર થી તા. ૩૦-૫-૨૦૧૦ રવિવાર (વૈશાખ વદ ૩) સુધી —પાંચ દિવસ, સુવર્ણપુરીમાં શ્રી પંચપરમેષ્ઠી મંડલ વિધાનપૂજા તથા તેઓના જ્ઞાન, વૈરાગ્ય, સ્વરૂપસાધના, વજ્રોપમ સમ્યક્ પુરુષાર્થ તથા સ્વાનુભૂતિમાર્ગ-પ્રકાશનરૂપ અનેક અપાર ઉપકારોના ભાવભીના સ્મરણપૂર્વક વિરહવેદનના ઉદાસીભર્યા વાતાવરણમાં વિવિધ જ્ઞાનોપાસનાપૂર્વક સાદગીથી મનાવવામાં આવશે.

❀ **સમવસરણ મંદિરનો ૬૯મો વાર્ષિક પ્રતિષ્ઠા દિવસ :**—વૈશાખ વદ ૬, ગુરુવાર, તા. ૩-૬-૨૦૧૦ના રોજ સોનગઢના સમવસરણ મંદિરનો ૬૯મો વાર્ષિક પ્રતિષ્ઠા દિવસ પૂજા-ભક્તિના વિશેષ કાર્યક્રમ સાથે મનાવવામાં આવશે.

❀ **સ્વાધ્યાય-મંદિરના ઉદ્ઘાટનનો તેમ જ તેમાં પરમાગમ શ્રી સમયસારની સ્થાપનાનો ૭૩મો વાર્ષિક દિવસ :**—તા. ૫-૬-૨૦૧૦, વૈશાખ વદ ૮, શનિવારના દિવસે સોનગઢના સ્વાધ્યાય-મંદિરના ઉદ્ઘાટનનો તેમ જ તેમાં પરમાગમ શ્રી સમયસારની સ્થાપનાનો ૭૩મો વાર્ષિક દિવસ પૂજા-ભક્તિના વિશેષ આયોજનપૂર્વક ઊજવવામાં આવશે.

❀ **શ્રુતપંચમી પર્વ :**—જેઠ સુદ ૫ તા. ૧૬-૬-૨૦૧૦ બુધવારના દિવસે શ્રુતપંચમી પર્વ શ્રી ષટ્ખંડાગમ જિનવાણીની પૂજા-ભક્તિના વિશેષ સમારોહપૂર્વક મનાવવામાં આવશે.

**શ્રી રળિયાતબેન રાયચંદભાઈ શાહ, નાઈરોબી તરફથી પૂજ્ય ગુરુદેવશ્રી જન્મજયંતી અંકના પ્રકાશન ખાતે આજીવન સ્પોન્સર તરીકે સહયોગ મળેલ છે.**

**શ્રી હિંમતલાલ વાલજીભાઈ ડગલી—વીંછીયા**
**શ્રી રૂપાળીબેન તથા અમરચંદભાઈ વાલજીભાઈ ડગલી હસ્તે પૌત્ર ડો. મિલન (મયંક), પૌત્રી વિમલ, અલિપ્તા તથા જિનબાળ અમરચંદ ડગલી, લંડન તરફથી પૂજ્ય ગુરુદેવશ્રી જન્મજયંતી અંકના પ્રકાશનાર્થે આજીવન સ્પોન્સર તરીકે સહયોગ મળેલ છે.**

સુધારો

**રૂા. ૧૧,૦૦૦/— શ્રીમતી દયાબેન મોહનલાલ વોરા યુ.એસ.એ. તરફથી ફેબ્રુઆરી ૨૦૧૦ના અંકના પ્રકાશનાર્થે આર્થિક સહયોગ મળેલ છે.**

# પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્‌ગાર

❀ શુદ્ધ પર્યાય સ્વદ્રવ્યની સન્મુખ થાય છે તેથી શુદ્ધ પર્યાયને દ્રવ્યથી અભિન્ન કહેવાય છે, પણ અભિન્નતાનો અર્થ એ છે કે દ્રવ્યનું જેટલું સામર્થ્ય છે—શક્તિ છે એ જ્ઞાનપર્યાયમાં આવી જાય છે, પ્રતીતિમાં આવી જાય છે, તેથી શુદ્ધ પર્યાયને દ્રવ્યથી અભિન્ન કહી છે. પણ એનો અર્થ એ નથી કે અનિત્ય પર્યાય નિત્ય દ્રવ્યની સાથે એકમેક થઈ જાય છે. દ્રવ્ય–પર્યાય બન્નેનું સ્વરૂપ જ ભિન્ન હોવાથી બન્ને ભિન્ન છે. પર્યાય દ્રવ્યનો આશ્રય કરે છે—લક્ષ કરે છે તેથી પર્યાય શુદ્ધ થાય છે, પણ તેથી દ્રવ્ય–પર્યાય એક થઈ જાય છે તેમ નથી, બન્નેના સ્વરૂપ ભિન્ન હોવાથી પર્યાય દ્રવ્યરૂપ થતી નથી અને દ્રવ્ય પર્યાયરૂપ થતું નથી. ૫૧૭.

❀ જે સમયે જડના પરિણામ થાય છે તે જ સમયે જ્ઞાતાના પરિણામ જાણવાના થાય છે એ જ જ્ઞાતાનું વ્યાપ્ય છે, એ જ જ્ઞાનનો પુરુષાર્થ છે. ફેરફાર કરવું તે તો ઊંધો પુરુષાર્થ છે. જ્ઞાતા છે તે, તે જ સમયના જ્ઞેયપરિણામને જાણે, તે જ જ્ઞાતાનું કાર્ય છે. ૫૧૮.

❀ ભગવાન તું અકારણકાર્ય શક્તિવાળો છો, તે અકારણકાર્ય શક્તિ ઉપર દૃષ્ટિ પડતાં અકારણકાર્યપણું પર્યાયમાં પ્રગટ થયું એટલે પર્યાયમાં પણ અકર્તા થયો. આહાહા! જ્ઞાતાદૃષ્ટા પ્રભુ તું છો, થાય તેને જાણનાર છો, થાય એનો જાણનાર છો. રાગ થાય તે કાળે જ્ઞાન તેને જાણતું પરિણમે છે. જાણનાર...જાણનાર....જાણનાર જ છો. ૫૧૯.

❀ આત્મા વિશ્વનો પ્રકાશક છે. જાણનાર છે. રાગ આવે છે તેનો પણ જાણનાર છે. શું એની શૈલી છે! આહાહા! શરીર–મન–વાણીને આત્મા કરે નહિ, કરાવે નહિ, કરતાને અનુમોદે નહિ. શુભરાગને પણ આત્મા કરે નહિ, કરાવે નહિ, અનુમોદે નહિ. આહાહા! આવી વસ્તુસ્થિતિ છે. ૫૨૦.

❀

આત્મધર્મ
મે-૨૦૧૦
અંક-૯ ✱ વર્ષ-૪

Registered Regn. No. BVR-367/2009-2011
Renewed upto 31-12-2011
RNI Registration No. GUJGUJ/2006/18667
વાર્ષિક લવાજમ રૂા. ૯/- આજીવન લવાજમ રૂા. ૧૦૧/-

# 卐 ગુરુ-વાણી શ્રવણનું પરમ સૌભાગ્ય 卐

શાસ્ત્રોમાં ભરેલાં ગહન ભાવો ખોલવાની ગુરુદેવમાં અજબ શક્તિ હતી. તેમને શ્રુતની લબ્ધિ હતી. વ્યાખ્યાનમાં નીકળતા ગંભીર ભાવો સાંભળતા ઘણી વાર એમ થતું કે 'આ તે શું શ્રુતસાગર ઊછળ્યો છે? આવા ગંભીરભાવો ક્યાંથી નીકળે છે!' ગુરુદેવના જેવી વાણી ક્યાંય સાંભળી નથી. તેમની અમૃતવાણીના રણકાર કેટલા મીઠા હતા?—જાણે કે સાંભળ્યા જ કરીએ. તેમના જેવું, આત્માને સ્પર્શીને નીકળતું એક વાક્ય પણ કોઈ બોલી શકતું નથી. અનુભવરસથી રસબસતી ગુરુદેવની જોરદાર વાણીના પડકાર કોઈ જુદા જ હતાં—પાત્ર જીવોના પુરુષાર્થને ઉપાડે અને મિથ્યાત્વના ભૂકા ઉડાડી દે એવી દૈવી વાણી હતી. આપણા ભાગ્ય કે ગુરુદેવની એ મંગળમય કલ્યાણકારી વાણી ટેઈપમાં ઊતરીને જીવંત રહી.

—પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી

Printed & published by Chimanlal Thakarshi Modi on behalf of shri Digambar Jain Swadhyay Mandir Trust and Printed at Kahan Mudranalay, Jain Vidhyarthi Gruh, At-Songadh Pin-364250 and published from Shri Digambar Jain Swadhyay Mandir Trust At-Songadh, Ta. sihor, Dist. Bhavnagar Pin-364250.

Editor Hiralal Bhikhalal Shah.

If undelivered Please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
**SONGADH**-364 250 (INDIA)
Phone No. (02846) 244334
Fax (02846) 244662

www.kanjiswami.org
email : contact@kanjiswami.org